**સુવિચાર**

''ખુલાસો શાંતિ આપે એવો હોય તો કરાય, દુઃખ આપે એવો હોય તો નહી.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૧/૨૦૨૬, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ પોષ વદ-૧૧ વર્ષ : ૧૭ અંક : ૦૨૮

## વિધાસભાનાં મંત્રીએ નિયામક ગીરીશ ભીમાણીને રવાના કરી દીધા

# જિલ્લા વિધાસભાની કોલેજોનાં નિયામકને જવાબદારીમાંથી મુકત કરી દેવાયા

**સમગ્ર જિલ્લાનાં શિક્ષણજગતમાં નિયામકને કયાં કારણોસર જવાબદારીમાંથી મુકત કરાયા તેની ચર્ચા શરૂ**

**કોઈ ગંભીર કે અક્ષમ્ય કહી શકાય તેવુ કૃત્ય કરવા બદલ રવાના કરી દીધાની ચર્ચા**

**જો કે વિધાસભા ટ્રસ્ટ દ્વારા કયાં કારણોસર પગલું લેવાયુ તે અંગે કોઈ સત્તાવાર જાણકારી અપાઈ નથી**

**શિક્ષણ ક્ષેત્રને કલંકિત થતું બચાવવા માટે ટ્રસ્ટીઓએ કાર્યવાહી કરી હશે તે માનવુ રહ્યું**

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લા વિધાસભા સંચાલિત કોલેજનાં નિયામક ગીરીશ ભીમાણીને તાત્કાલિક અસરથી જવાબદારીમાંથી મુકત કરી દેવાતાં જિલ્લાનાં શિક્ષણ ક્ષેત્રમાં આ બરતરફીને લઈને અનેકવિધ ચર્ચાઓ શરૂ થઈ છે.

જવાબદારી મુકત થયેલ નિયામક અગાઉ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં પણ ટોચના સ્થાને બિરાજમાન રહી ચુકયા છે અને તેઓને વિધાસભાનાં




ટ્રસ્ટીએ જિલ્લા વિધાસભાની તમામ કોલેજનાં નિયામકની મહત્વની જવાબદારી થોડા સમય પહેલા સોંપેલ અને ભવિષ્યમાં વિધાસભામાં યુનિવર્સિટીની સ્થાપના થાય તે માટેની તૈયારીની જવાબદારી સોંપવામાં આવી હતી.

પરંતુ, અચાનક જ જિલ્લા વિધાસભા ટ્રસ્ટ્ નિયામકને ફરજમુકત કરતાં ચકચાર મચી છે. જો કે જવાબદારી મુકત કરતાં પત્રમાં ટ્રસ્ટી ધ્વારા કોઈ કારણ દર્શાવવામાં ન આવતાં શિક્ષણક્ષેત્રમાં અનેક શંકા–કુશંકા પણ થતી જોવા મળી રહી છે.

શિક્ષણ ક્ષેત્રમાં ચર્ચાતી વિગતો મુજબ નિયામકે કોઈ અક્ષમ્ય અને ગંભીર પ્રકારનું કૃત્ય કર્યુ હોવાથી અને શિક્ષણ ક્ષેત્રને કલંકિત થતું અટકાવવા માટે વિદ્યાસભા ટ્રસ્ટે આકરૂ પગલુ ભર્યુ હોવાનું સૌ માની રહ્યું છે.

## આજે ઉત્તરાયણનાં તહેવારમાં અનેક પતંગના સ્ટોલ ગોઠવાયા

# અમરેલી શહેર સહિત જિલ્લામાં આજે ઉત્તરાયણ પહેલા અવનવી રંગબેરંગી પતંગોનું આગમન

**પતંગમાં પણ મોંઘવારી દેખાય ૫ થી ૨૫, દોરામાં ૧૫૦થી ૧૦૦૦ સુધીના ભાવ જોવાયા**



અમરેલી, તા. ૧૩

અમરેલી શહેર સહિત જિલ્લામાં પતંગ પ્રેમીઓ જેમની આતુરતાપુર્વક રાહ જોઈરહયાં છે તે ઉત્તરાયણ આવતીકાલે જ હોય. ત્યારે અમરેલી શહેર અને જિલ્લામાં અવનવી ડિઝાનઈ સાથેની રંગબેરંગી અનેક પતંગ અને દોરાઓનું આગમન થયાનું જોવા મળી રહયું છે. આ પતંગ દોરા ફિરકી બજારમાં વેચાણ માટે મૂકાયા છે. જો કે ઉત્તરાયણના હિસાબે છેલ્લા ત્રણ દિવસથી ભારે ઘરાકી જોવાં મળી રહી છે. ઉત્તરાયણ નજીક આવતા જિલ્લાભરમાં પતંગ, દોરા, ગુબારાઓ, શેરડી, બોર તથા ચીક્કી સહિતની વસ્તુઓમાં ભારે ઘરાકીમાં વધારો જોવા મળી રહી છે.

આવતીકાલે મકરસંક્રાંતિનો પર્વ છે ત્યારે અમરેલી શહેર અને જિલ્લાની બજારોમાં છેલ્લા કેટલાંક દિવસોથી અવનવી ડિઝાઈન સાથે રંગબેરંગી અનેક પતંગો બજારમાં વેચાણ ઠલવાય છે.

આ અંગેની વિગતો આપતા અમરેલીના પતંગના એક વેપારીએ જણાવ્યું કે, અમરેલી શહેરમાં ૧૫૦ કરતા પણ વધારે

અનુસંધાન પાના ૬ ઉપર


## ગાયત્રી કોલેજ નજીક બનાવ બન્યો

# ધારી–ચલાલા માર્ગ ઉપર છોટા હાથીએ હડફેટે લેતા બાઈક સવાર વૃધ્ધનું મોત

**બાઈક સવાર રાણાભાઈ કુકડનું સારવાર દરમિયાન મોત**

અમરેલી, તા. ૧૩

ચલાલા ગામ નજીક સ્ટેટ હાઈવે રોડ પર એક છોટા હાથી ટેમ્પોએ એક મોટર સાઈકલને હડફેટે લેતાં મોટર સાયકલ ચાલક વૃધ્ધને



ગંભીર ઈજા થતાં સારવાર માટે દવાખાને ખસેડતાં તેમનું મોત નિપજતાં પોલીસ ઘટનાં સ્થળે દોડી જઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

આ બનાવમાં સૂત્રોમાંથી જાણવાં મળતી વિગત મુજબ ધારી–ચલાલા ગામ વચ્ચે ચલાલા ગામ નજીક આવેલ ગાયત્રી કોલેજ સામે સ્ટેટ હાઈવે રોડ ઊપર એક છોટા હાથી ટેમ્પો નંબર જી.જે.–૧૪ એ.ટી.–૨૦૩૩એ એક મોટર સાઈકલ સવાર રાણાભાઈ દુદાભાઈ કુકડ નામનાં ૬૫ વર્ષીય વૃધ્ધને ગંભીર ઈજાઓ થતાં મોટર સાયકલ ચાલક વૃધ્ધને સારવાર માટે દવાખાને ખસેડતાં તેમનું મોત નિપજતાં પોલીસ ઘટના સ્થળે દોડી જઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

**જોઇએ છે**

પેટ્રોલ પંપ માટે ડિઝલ, પેટ્રોલ ભરી શકે તેવા ઉત્સાહી લેડીઝ / જેન્ટસ ની જરૂર છે

આર.ડી. પેટ્રોલ પંપ
એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે, અમરેલી.
મો. ૯૭૨૬૧ ૨૭૭૭૭

## ૨ વ્યકિતએ ઝેર પીધુ તો ૧નું અકસ્માતમાં મોત

# અમરેલી જિલ્લામાં અપમૃત્યુનાં જુદા–જુદા ૩ બનાવો જાહેર થયા

**બીમારી, બેરોજગારી પણ સમસ્યા બની**

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં અલગ અલગ ત્રણ બનાવમાં ત્રણ અપમૃત્યુના બનાવ પોલીસ ચોપડે નોંધાતાં સ્થાનિકમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

પ્રથમ બનાવમાં ધારી તાલુકાના દલખાણીયા ગામે રહેતાં સિંકદરભાઈ દિલુભાઈ પઠાણ નામનાં ૪૪ વર્ષીય આધેડ પાસે કોઈ કામ ધંધો કે રોજગાર ન હોય જેનાથી કંટાળી જઈ

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલી જિલ્લામાં સર્વાધિક લોકપ્રિય દૈનિક વર્તમાનપત્ર
અમરેલી એક્સપ્રેસ
૧૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિત્તે અમરેલી એક્સપ્રેસ દૈનિકને હાર્દિક શુભકામના
શુભચિંતક
શ્રી ધર્મેશ પંડ્યા
(એડવોકેટ એન્ટ નોટરી)
ગર્વમેન્ટ ઓફ ઈન્ડિયા

અમરેલી એક્સપ્રેસ **અંક બંધ**

''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક કાર્યાલય મકરસક્રાંતી પર્વને લઈને ૧૪ જાન્યુઆરીને બુધવારના સંપૂર્ણ રજા રાખશે. જેથી હવે પછીનો અંક શુકવાર ૧૬ જાન્યુઆરીનાં રોજ પ્રસિધ્ધ થશે, જેની સર્વોને નોંધ લેવા વિનંતી

તંત્રી
અમરેલી એક્સપ્રેસ

"NAARI WELCOMES NEW TEAM MEMBER"
naari HOSPITAL
ડો. વિજય એચ.નાકરાણી
એમ.બી., ડી.જી.ઓ.
સ્ત્રી રોગ તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
: અભ્યાસ :
MBBS : જી.એમ.ઈ.આર.એસ.મેડીકલ કોલેજ,વલસાડ
D.G.O. : સરકારી હોસ્પિટલ, ધોરાજી, રાજકોટ
:: અનુભવ ::
■ ૨ વર્ષ સિવિલ હોસ્પિટલ - ધોરાજી ■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - અમરેલી
■ ૧ વર્ષ સિવિલ હોસ્પિટલ - સાવરકુંડલા ■ ૨ વર્ષ હાલ નારી હોસ્પિટલ - અમરેલી
૫૦૦૦ + નોર્મલ તથા જોખમી ડીલેવરી ૧૫૦૦ + સિઝેરીયન
૫૦૦ + ગર્ભાશયની કોથળી તથા ગાંઠના ઓપરેશન
નારી હોસ્પિટલ
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૧૩૨૪
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. કૈવંત પટેલ — ઈન્ટરવેન્શનલ પલ્મોનોલોજીસ્ટ
તા.૧૫/૦૧/૨૦૨૬ - ગુરૂવારે, સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦

ડો. જય વિઠલાણી — કાર્ડિયોલજીસ્ટ
હૃદયરોગ નિષ્ણાંત
તા.૧૬/૦૧/૨૦૨૬ - શુક્રવારે, સવારે ૧૧:૩૦ થી ૦૧:૦૦

ડો.સાગર બરાસરા — એન્ડોકાઈનોલોજીસ્ટ
તા.૧૭/૦૧/૨૦૨૬ - શનિવારે, સવારે ૧૦:૦૦ થી ૦૧:૦૦

ડો.મૈત્રેય જોષી — યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ
તા.૧૭/૦૧/૨૦૨૬ - શનિવારે, સાંજે ૦૫:૦૦ થી ૦૬:૦૦

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )

નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪

ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) | ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) | ડો. ધ્રષ્ટિ પંડ્યા

અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,27,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૩/૦૧/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

# ઈફ્કો દ્વારા અનુસૂચિત જનજાતિ, ખેત મજુરો અને જરૂરીયાતમંદ પરિવારોમાં ધાબળા વિતરણ






સહકારી પ્રવૃતિ સૌને સાથે લઈને ચાલતી અને સૌને લાભાન્વિત કરતી પ્રવૃતિ છે. તેની પ્રતિતિ દેશની સૌથી મોટી પ્રતિષ્ઠિત સહકારી સંસ્થા ઈફકો દ્વારા થવા પામી. હાલમાં હાડ થીજાવતી ઠંડી પડી રહી છે, તેવા સમયે છેવાડાના વિવિધ વિસ્તારોમાં છુટાછવાયા વસવાટ કરતા ખેત મજુરો અને જરૂરીયાતમંદ પરિવારોમાં ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણીની ઉપસ્થિતિમાં ગરમ ધાબળા વિતરણ કરવામાં આવેલ આ તકે પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, અમર ડેરીનાં અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલીયા, ગુજરાત પ્રદેશ ભાજપ યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનિષ સંઘાણી, અમરેલી જિલ્લા ખરીદ–વેંચાણ સહકારી સંઘના અધ્યક્ષ નગરપાલિકા પૂર્વ પ્રમુખ પ્રતિનિધિ ચંદુભાઈ રામાણી, અમર ડેરી ડીરેકટર રાજેશભાઈ માંગરોળીયા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોશી, નગરપાલિકા પુર્વ કારોબારી ચેરમેન સુરેશભાઈ શેખવા, પુર્વ જિલ્લા યુવા ભાજપ પ્રમુખ ભગીરથભાઈ ત્રિવેદી, રમણીકભાઈ માંગરોળીયા, દયાળભાઈ સંઘાણી, કાળુભાઈ કાછડીયા, મુકુંદભાઈ સેંજલીયા, ચતુરભાઈ કાકડીયા, ગણપતભાઈ સેંજલીયા, મુકેશભાઈ ધાનાણી, ભરતભાઈ બાવીશી સહિત ટીમ સહકાર ઉપસ્થિત રહેલ. હાડ થીજાવતી ઠંડીમાં ઈફકો દ્વારા ધાબળા વિતરણ અનેક પરિવારોને ઠંડીથી બચવામાં સહાયક પુરવાર થયેલ હોવાનું ઈફકોના ક્ષેત્રીય અધિકારી પ્રતિક રામાણીની યાદીમાં જણાવાયેલ છે.

### આરોપીઓ સામે કડક સજાની માંગ

## લીલીયા મોટા : કોળી સમાજ દ્વારા બગદાણાની ઘટનાને લઈને નારાજગી

### તપાસમાં બેદરકાર પોલીસ અધિકારીને સસ્પેન્ડ કરવા માંગ




લીલીયા મોટા, તા.૧૩

બગદાણા ખાતે જીવલેણ હુમલો કરનાર તથા કરાવનાર અસામાજિક તત્વો જેને આ ગુનાહિત કાવતરૂં રચ્યું છે તેની સામે સાચી અને સચોટ તપાસ કરી કાયદાને ઘોળીને પી જનાર ઈસમોને આરોપી તરીકે જોડી, કલમોનો ઉમેરો કરી અને કડકમાં કડક સજા કરવા માટે લીલીયા તાલુકા કોળી સમાજ દ્વારા આવેદન પત્ર પાઠવાયું જે આવેદનમાં જણાવેલ કે, બગદાણા ખાતે નવનીતભાઈ બાળધિયા પર જીવલેણ હુમલો કરનાર લૂખ્ખા અસામાજિક તત્વો દ્વારા કોળી સમાજના યુવાનને જાનથી મારી નાંખવાના ઈરાદે પહેલેથી ગુનાહિત કાવતરૂં રચી અને ગેરકાયદેસર મંડળી રચીને જે જીવલેણ હુમલો કરવામાં આવેલ જેમાં બગદાણાના રહેવાસી નવનીતભાઈ બાળધિયા ને ગંભીર ઈજાઓ પહોંચાડી અને જાનથી મારી નાંખવાની કોશિસ કરેલ છે. જેમાં સોશિયલ મીડિયામાં જે વિડીયો વાઈરલ થયા છે તે વિડીયો કયા મોબાઈલમાંથી ઉતારવામાં આવ્યા છે ? કોના કહેવાથી બનાવવામાં આવ્યો છે.? કયાં સ્થળે આ ગુનાહિત કાવતરૂં રચવામાં આવ્યું ? આ ગુનહામાં કયાં કયાં આરોપી સંડોવાયેલા છે. ? કયાં આરોપીની ધરપકડ બાકી છે ? તે તમામ આરોપી ઓને ગુન્હામાં આરોપી તરીકે સામેલ કરી અને એફઆઈઆરમાં ભારતીય ન્યાય સંહિતાની કલમ : ૧૦૯ (ખૂનની કોશિસ કરવા ), ૬૧ (ગુનાહિત કાવતરૂ ઘડવા ) તથા ૩૨૪ (મિલકતને નુકશાન કરવા)ની કલમનો ઉમેરો કરવા તેમજ જે જે પોલીસ અધિકારીઓએ આ ગુનહાની તપાસ કરવામાં બેદરકારી દાખવી છે તે તમામ પોલીસ અધિકારીઓને સસ્પેન્ડ કરવા આવેદનપત્ર મામલતદાર લીલીયાને આપી માંગણી કરવામાં આવેલ છે. સાથે સાથે આવેદનમાં જણાવેલ કે જો આવું કરવામાં નહી આવે તો ન્યાય માટે ઉગ્ર અને જલદ આંદોલન આવનાર દિવસોમાં કરવામાં આવશે તેવી પણ ચીમકી આવેદનપત્રમાં ઉચારવામાં આવેલ છે.

## બગસરા : એસઓજીએ ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા માર્ગદર્શન આપ્યુ



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૩

બગસરામાં જિલ્લા કલેકટરના જાહેરનામા અનુસાર ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા જાહેરનામું પ્રસિધ્ધ કરેલ હોય. તેને અનુસંધાને બગસરા મેઘાણી હાઈસ્કૂલ ખાતે જિલ્લા એસપીની સુચનાથી એસઓજીની ટીમ પીઆઈ ચૌધરી તથા તેમના સ્ટાફ ધ્વારા બગસરા મેઘાણી હાઈસ્કૂલનાં વિદ્યાર્થી ભાઈ–બહેનોને ચાઈનીઝ દોરીનો ઉપયોગ ન કરવા માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. તેમજ શપથ લેવડાવવામાં આવ્યા હતા કે અમો ચાઈનીઝ દોરીનો ઉપયોગ મકરસંક્રાંતિમાં કયારેય પણ ઉપયોગ કરશુ નહી. આ કાર્યક્રમમાં મેઘાણી સ્કૂલનાં પ્રિન્સિપાલ તથા શિક્ષકો હાજર રહ્યા હતા.

### એડવોકેટ ધર્મેશ પંડયાની દલીલો સફળ

## અમરેલીના ચેક રીટર્ન કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

### પુરાવાના અંતે આરોપી નિર્દોષ



અમરેલી, તા.૧૩

અમરેલીના એક શરાફી મંડળીના ચેક રીટર્ન કેસમાં આરોપીના નિર્દોષ છુટકારો થયો છે.

આ કામની વિગત એવા પ્રકારની છે કે, અરોપી રોહીતભાઈ ભીખુભાઈ ઝાલા રહે. નાના આંકડીયાએ ફરીયાદી મંડળી અવધ નાગરીક શરાફી સહકરી મંડળીમાંથી લોન મેળવી હપ્તા કે મુળ રકમ ન ભરી શકતા અને બકી રકમ વસુલવા ફરીયાદીએ આરોપીનો ચેક બેન્ક વટાવવા નાખતા ચેક બેન્કમાંથી અપુરતા ભંડોળના કારણે પરત ફરતા આરોપી વિરૂધ્ધ ચીફ જયુડી.મેજી.કોર્ટ અમરેલીમાં રૂા.૬,૮૫,૯૩૦/– પુરા વસુલવાને ફરીયાદ કરેલ જે કેસ એડીશનલ ચીફ જયુડી.મેજી. કોર્ટ ચાલી જતા પુરાવાના અંતે કોર્ટ દ્વારા આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો આદેશ ફરમાવેલ છે. આ કેસમાં આરોપી રોહીતભાઈ ભીખુભાઈ ઝાલા તર્ફે અમરેલીનાં જાણીતા એડવોકેટ ધર્મેશ એચ. પંડયાની ધારદાર દલીલો કોર્ટે ગ્રાહય રાખી આરોપીને નિર્દોષ છોડી મુકવાનો આદેશ કરેલ છે.

## અમરેલી : માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજની વિદ્યાર્થીનીની અનેરી સિધ્ધિ




અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ, અમરેલીની ટી.વાય. બી.એ.ની વિદ્યાર્થીની સરપદડિયા રાધિકા વિષ્ણુભાઈની રાજયકક્ષાએ પ્રજાસત્તાક દિવસની ઉજવણી નિમિત્તે આગામી સમયમાં યોજાનારા એન.એસ.એસ. PRE-RD માં પસંદગી થયેલ છે. જે કોલેજ પરિવાર માટે ગૌરવની બાબત છે.

રાજયકક્ષાના પ્રજાસત્તાક દિવસની ઉજવણીનો કાર્યક્રમ વાવથરાદ જિલ્લા ખાતે યોજવા જઈ રહ્યો છે. ત્યારે તારીખ ૧૫/૦૧/૨૦૨૬ થી ૨૬/૦૧/૨૦૨૬ સુધી વાવથરાદ ખાતે આ વિદ્યાર્થીની ભાગ લેનાર છે. તો આ ગૌરવ બદલ કોલેજના પ્રિન્સિપાલ ડો.જી.વી. વેલિયત, ટ્રસ્ટીઓ તથા સમગ્ર કોલેજ પરિવારે આ વિદ્યાર્થીનીની અનેરી સિધ્ધિને બિરદાવી તેને અભિનંદન તથા ઉજજવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી હતી. આ સિલેકશન માટે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડો. નિરૂપાબેન ટાંકની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી. તેઓએ રાધિકાને જરૂરી માર્ગદર્શન પુરૂ પાડયું હતું.

### સ્પેશ્યલ ઓપરેશન ગૃપની કામગીરી

## અમરેલીમાં ચાઈનીઝ બનાવટની દોરીનું વેચાણ કરનાર ૨ ઈસમો સામે ફરિયાદ

### રૂપિયા ૧૬ હજારની કિંમતનો મુદ્દામાલ કબ્જે



અમરેલી, તા. ૧૩

અમરેલી ખાતેથી ચાઈનીઝ બનાવટની પ્લાસ્ટીકની દોરીનું ગેરકાયદેસર વેચાણ કરતા બે ઈસમોને ચાઈનીઝ દોરી ફીરકી નંગ–૨૦ કિંમત રૂા. ૧૬,૦૦૦ના મુદ્દામાલ સાથે અમરેલી એસ.ઓ.જી. ટીમે ઝડપી પાડી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

અમરેલી પોલીસ અધિક્ષક સંજય ખરાતએ પ્લાસ્ટીક સીન્થેટીક મટીરીયલ–ટોક્ષીક મટીરીયલ–લોખંડ પાઉડર કાચ વિગેરેથી તૈયાર કરેલ પાકા દોરા જેમાં ખાસ કરીને ચાઈનીઝ બનાવટના દોરાનો ઉપયોગ કરવા કે તે હેતુથી વેચાણ કરવા માટે અમરેલી જિલ્લા મેજી. દ્વારા જાહેરનામુ બહાર પાડેલ હોય અને વેચાણ ઉપર પ્રતિબંધ મુકવામાં આવેલ હોય અને મકરસંક્રાંતી તહેવારમાં પતંગો અને ચાઈનીઝ દોરી તથા ગુબારા પર્યાવરણ અને પક્ષીઓનુ જાનનુ ખુબ જ મોટુ જોખમ હોય. જે અન્વયે એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પે. આર.ડી. ચૌધરી તથા એસ.ઓ.જી. ટીમને જરૂરી સુચના આપવામાં આવેલ હોય. જે અનુસંધાને અમરેલી જિલ્લામાં એસ.ઓ.જી. ટીમ અલગ અલગ વિસ્તારો ખાતે પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત આધારે અમરેલી વિસ્તાર ખાતે ગઢની રાંગ પાસે રહેતા ઈકબાલ ઉર્ફે ભજીયો રહીમભાઈ સોલંકી તથા સાહિલ ઉર્ફે રાજુ કેળો રફીકભાઈ ડબાવાલા નામનાં ઈસમ પતંગ ઉડાવવા માટે પ્લાસ્ટીકની ચાઈનીઝ દોરીનુ વેચાણ કરે છે તેવી હકિકત આધારે તે જગ્યાએ રેઈડ કરતા બે ઈસમને પતંગ ઉડાડવાની ચાઈનીઝ બનાવટની પ્લાસ્ટીકની દોરી ફીરકી નંગ–૨૦ કિંમત રૂા. ૧૬,૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી વધુ તપાસ અર્થે અમરેલી સીટી પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની માંગ

## મગફળી અને કપાસની ટેકાનાં ભાવે ખરીદીની સમય મર્યાદામાં વધારો કરો

### કૃષિ મંત્રી જીતુભાઈ વાઘાણીને પત્ર પાઠવ્યો



અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં મગફળી તથા કપાસનું ઉત્પાદન મોટા પ્રમાણમાં થયું છે. તાજેતરના હવામાન પરિવર્તન, અનિયમિત વરસાદ તેમજ કાપણી અને પરિવહન સંબંધિત મુશ્કેલીઓને કારણે ઘણા ખેડૂતોએ હજી સુધી પોતાનું ઉત્પાદન સરકાર દ્વારા નક્કી કરાયેલા ટેકાના ભાવે વેચાણ થયેલ નથી. હલમાં અમલમાં રહેલી ખરીદીની સમય મર્યાદા પૂર્ણ થતી હોઈ, અનેક ખેડૂતોએ ટેકાના ભાવનો લાભ લેવ માટે અસમર્થતા અનુભવી રહયા છે. જેના કારણે તેમને ખુલ્લા બજારમાં ઓછા ભાવે ઉત્પાદન વેચવાનું જોખમ ઉભું થયું છે. જે ખેડૂત હિતમાં નથી. અંતે, ખેડૂત હિતને ધ્યાને લઈ સરકાર દ્વારા ટેકાના ભાવે મગફળી તથા કપાસની ખરીદી માટે નિર્ધારિત સમય મર્યાદામાં યોગ્ય વધારો કરવા માટે માંગ લાઠીના ધારાસભ્ય જનક તળાવીયાએ કૃષિ મંત્રીને પાઠવેલ પત્રમાં માંગ કરેલ છે.

# અમરેલીથી ઓડિશા સુધી ગુજરાતની પ્રાકૃતિક ખેતીની સુવાસ પહોંચશે






ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી ધ્વારા આયોજિત ‘એકસપોઝર વિઝિટ પ્રોગ્રામ’ અંતર્ગત આજે ઓડિશા સરકારના ગ્રુપ–એ તથા ગ્રુપ–બીના ઉચ્ચ અધિકારીઓએ અમરેલી સ્થિત કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગના પ્રાયોગિક ફાર્મની વિશેષ મુલાકાત લીધી હતી. આ મુલાકાતનો મુખ્ય હેતુ ગુજરાત રાજયમાં સફળતાપૂર્વક અમલમાં રહેલી પ્રાકૃતિક ખેતી પદ્ધતિઓનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી તેને ઓડિશા રાજયમાં અમલી બનાવવાનો હતો. આ દરમિયાન અધિકારીઓએ પ્રાકૃતિક પદ્ધતિથી ઉગાડવામાં આવેલા શિયાળુ પાકો તેમજ વિવિધ શાકભાજીના પ્લોટોની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. રાસાયણિક ખાતર અને જંતુનાશકો વિના તૈયાર થયેલા પાકોની ગુણવત્તા નિહાળી અધિકારીઓ વિશેષ પ્રભાવિત થયા હતા. મુલાકાત દરમિયાન કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીના આચાર્ય ડો.સ્વપ્નિલ દેશમુખ ધ્વારા ‘પ્રાકૃતિક કૃષિ પંચસ્તરીય બાગાયતી મોડેલ’ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ મોડેલ ધ્વારા ઓછા વિસ્તારમાં વધુ ઉત્પાદન અને વધુ આવક કેવી રીતે મેળવી શકાય તે અંગે અધિકારીઓને વિગતવાર સમજણ આપવામાં આવી હતી. તેમજ પ્રાકૃતિક કૃષિના મુખ્ય આયામો જેમ કે બીજામૃત, જીવામૃત તથા ઘનજીવામૃત, મિશ્રપાક પદ્ધતિ, આચ્છાદન અને વાપ્સા ધ્વારા સફળ ખેતી કેવી રીતે શકય બને તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. ફાર્મ ખાતે વિકસાવવામાં આવેલા લાલ વાલ, દેશી મકાઈ, જવ અને ઘઉં સાથે ચણાની મિશ્રપાક પદ્ધતિ તેમજ દેશી તુવેર, મરચાં, કોબી ફલાવર, બીટ, મૂળા, સૂર્યમુખી અને એરંડાના મિશ્રપાક મોડેલ દ્વારા અધિકારીઓએ પ્રત્યક્ષ અનુભવ પ્રાપ્ત કર્યો હતો. કાર્યક્રમના અંતે કોલેજ તરફથી ફાર્મ પર તૈયાર થયેલ શણ, ઈક્કડ, ખરસાણી, મકાઈ અને લાલ જુવારના દેશી બિયારણની કીટ અધિકારીઓને ભેટ સ્વરૂપે આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી, હાલોલની વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી તેમજ કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ, અમરેલીની ટીમ ધ્વારા સફળ

## A men of courage is also full of faith

# અમરેલી : ''સૌથી વધુ પાઠ્યપુસ્તકો લખવાનો વિક્રમ ધરાવતા રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા એમ.જી. જોષીનો આજે ૮૪માં વર્ષમાં પ્રવેશ''



અમરેલી, તા. ૧૩

શ્રીમાન એમ.જી. જોશીને રાષ્ટ્રપતિ વિજેતા શિક્ષક તરીકે સમગ્ર ગુજરાતનું શિક્ષણ જગત ઓળખે છે. વાસ્તવમાં આ ઓળખ અધૂરી છે તેમના વ્યકિતત્વના પાઠ્યપુસ્તકોના એક વિક્રમસર્જક લેખક તરીકેના પાસાથી અત્યારનું શિક્ષણ જગત કદા અજાણ છે. એક બેનહીં પણ ૫૬ જેટલા પાઠ્યપુસ્તકો અને સંદર્ભ પુસ્તકો લખી સમગ્ર ગુજરાતના શિક્ષણને વિદ્યાયક સ્પર્શ આપી ચૂક્યા છે. જોષીના સર્જનકાર્યની પૃષ્ઠભૂમિના મુખને તપાસવાનું નિર્મિત સાંપ્રત શૈક્ષણિક જગત માટે ઉપયોગી દેખાશે.

તે વખતે ગુજરાત રાજય શાળા પાઠ્યપુસ્તક મંડળ જુદાજુદા વિષય શિક્ષકો પાસેથી પાઠ્યપુસ્તક તૈયાર કરવા માટે હસ્તપત્ર મંગાવતું અને તેના મૂલ્યાંકન બાદ પાઠ્યપુસ્તકની પસંદગી થતી એકવખતે ધોરણ ૯ના ગણિત વિષયના લેખક સંદર્ભે પાઠ્યપુસ્તક મંડળ વર્તમાનપત્રમાં જાહેરાત આપતા તે સમયના અમરેલી સાયન્સ કોલેજના અધ્યાપક એચ.એલ. પટેલ અને એમ.જી. જોશી ધોરણ ૯ના ગણિતના પાઠ્યપુસ્તકના લેખનથી સહિયારી તક ઝડપી. તે સમયે કેટલાક લેખકોનું એકાધિકાર રહેતો. પોતાની ગાણિતિક નિપુણતાને કસોટી નીએ રણે ચડાવી અંકગણિત, બીજગણિત અને ભૂમિતિ એમ ત્રણેય ભાગની ત્રણ હસ્તપત્રો લઈને ડફનાળા શાહીબાગ મુકામે પાઠ્યપુસ્તક મંડળ ની ઓફિસે સુપ્રત કરી. પાઠ્યપુસ્તક મંડળના તે વખતના નિયામક બી.યુ. પારેખને મળી હસ્તપત્રોના તટસ્થ મૂલ્યાંકન માટે પણ વિનંતી કરી હસ્તપત્રોના તટસ્થ મૂલ્યાંકન કરાવવા પાછળ એમ.જી.જોશીની નેમ એવી હતી કે સમગ્ર ગુજરાતના તમામ સ્થળના વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ અને ઉપયોગી માનાંક ધરાવતું ગણિતનું પાઠ્યપુસ્તક મળે તેમજ શિક્ષણના ભેખધારી લેખકોને અન્યાય ન થાય.આશરે એકાદમાસ બાદ પાઠ્યપુસ્તક મંડળના નિયામક બી.યુ. પારેખ એમ.જી. જોશીને બીજા દિવસે અમદાવાદ ઓફિસે પહોંચવાનો ફોન કર્યો પરંતુ આવવાનું સ્પષ્ટકારણનો ઉલ્લેખ ન કરતા વ્યકિતગત સંબંધની રૂએ બોલાવું છું અને સ્વખર્ચે આવવાનું રહેશે એવું પણ સૂચિ તકર્યુ. બીજા દિવસે મુલાકાત દરમિયાન હૃદયના ઉમળ કાથી ભેટીને જોશી સમક્ષ અત્યંત પ્રસન્નતા વ્યકત કરતા પારેખ જણાવ્યું કે ''વાસ્તવમાં તમને રૂબરૂ અભિનંદન આપવા જ અમદાવાદ બોલાવ્યા છે કારણ કે તમારી તટસ્થ મૂલ્યાંકનની ટકોર પાછળથી તમારી મનસા અને હાર્દને બરોબર પીછાણી મેં અન્ય રાજયોના ગણિત વિષયના તજજ્ઞો પાસે મૂલ્યાંકન કરાવ્યું છે નોધપાત્ર તો એ બાબત છે કે ગણિતના ત્રણે ભાગોની આપની હસ્તપત્રો પસંદ પામી છે તમે તમારા સામર્થ્યને સિદ્ધ કર્યુ છે એ વાતનો મને વિશેષ આનંદ છે.'' વિશેષમાં જણાવ્યું કે સામાન્ય સંજોગોમાં અત્યાર સુધીમાં એવું બનતું આવ્યું છે કે ગણિતના કોઈ એક ભાગની હસ્તપ્રત્ર પસંદ થાય પણ બાકીના ભાગોની હસ્તપત્ર પસંદ થતી નથી. પરંતુ તમારીત્રણે–ત્રણ ભાગની હસ્તપ્રતો એકીસાથે પસંદ થઈ એ બાબત પાઠ્યપુસ્તક મંડળ માટે લેન્ડમાર્ક સમી બની રહી છે.

ગણિતના પાઠ્યલેખનમાં સૌરાષ્ટ્રમાં આવો ડંકો વગાડનાર જોશીના સહલેખક એચ.એલ.પટેલ કોલેજના પ્રિન્સિપાલ પદે આરૂઢ થતા વ્યસ્તતાને લીધે પછીના લેખનકાર્યમાં જોડાઈ ન શક્યા પછી એકલા હાથે જોશી ધોરણ ૫થી ૧૨ના ગણિત વિજ્ઞાનના ૨૮ પાઠ્યપુસ્તકોનું લેખન કાર્ય કર્યુ. વિદ્યાર્થીને કારકિર્દીને ઘડવા ગણિત વિજ્ઞાનના પાઠ્યપુસ્તકોની આ નોંધપાત્ર સંખ્યા પાઠ્યપુસ્તક લેખકોમાં રેકોર્ડ રૂપ ઘટના છે આ તો હજી એક દ્રષ્ટિ સંપન્ન નિષ્ઠાવાન અને ઉર્જાવાન શિક્ષકની લેખક તરીકેની કારકિર્દીની શરૂઆત હતી. તેઓએ ગણિતના અને વિજ્ઞાનના ૨૮ જેટલા સંદર્ભગ્રંથોનું પણ લેખનકાર્ય કર્યુ જેના પ્રકાશનનું શ્રેય ''અનડાપ્રકાશન'' અને ''ગુર્જર ગ્રંથપ્રકાશન''ને ફાળે જાય છે આમ, સર્જનના ૨૮+૨૮ ૫૬નો આંકડો ૫૬ વર્ષથી નાની વયના જોશીની યશકલગમાં છોગાળુ બની રહ્યું આ છે જોશીની અદ્વિતીય કલમનો બોલતો પુરાવો.તેમના લેખક તરીકેના સર્જનને મુલવતી અન્ય એક ઘટનાનો ઉલ્લેખ પણ સમાદરે પામ્યો છે. તે એ છે કે એક સમયે ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગણિત ભાગ ૧–૨ અને ભૌતિક વિજ્ઞાનના તેઓએ લખેલા પાઠ્યપુસ્તકો અમલમાં હતા. તે સમયે મેડિકલ અને એન્જિનિયરિંગમાં પ્રવેશ મેળવવા માટે કુલ ૪૫૦ ગુણમાંથી મેળવેલા ગુણ ગણતરીમાં લેવાતા અને તે મુજબ પ્રવેશયાદી તૈયાર થતી આશ્ચર્યની વાત એ છે કે તેઓએ લખેલા પાઠ્યપુસ્તકોમાંથી ૨૫૦ ગુણ ગણતરીમાં લેવાતા જોષીની ભલામણથી પાઠ્ય પુસ્તક મંડળમાંથી અને માધ્યમિક શિક્ષણ બોર્ડમાંથી પાઠ્યપુસ્તકો અને સ્વાધ્યાય પોથીઓ અમરેલીમાં છપાઈ હતી. અમરેલીના ''બીના પ્રિન્ટિંગપ્રેસ''માં આ પુસ્તકો છપાયા હતા જેના માલિક પતુભાઈએ કામગીરી નિભાવી હતી આ બધા પુસ્તકોના પ્રૂફરીડીંગની જવાબદારી પણ જોષીએ નિભાવી હતી. એક સફળ વિષયસર્જન શિક્ષકની નિષ્ઠા કેવો રંગ લાવે છે તે ત્યાંથી અમરેલી જ નહીં પણ સમગ્ર ગુજરાતની શિક્ષણ વ્યવસ્થા મૂખરીત થઈ ઊઠે તેનો આ જીવતો જાગતો દાખલો છે.

પાઠ્યપુસ્તકોના લેખનની કસોટી અનેકવાર પ્રસ્તુત થતા લેખન તેમનો જાણે ધર્મ બની રહ્યું પછીથી વર્તમાનપત્રો અને સામયિકોમાં શિક્ષણ વિષયક લેખો સમયાંતરે પ્રસિદ્ધ થતા રહ્યા તો બીજીબાજુ ગુજરાત શિક્ષણને વાચા આપતા ''માધ્યમિક સંદેશ'' અને ''સારસ્વત'' જેવા સામયિકોમાં તેઓના લેખોએ શિક્ષણપ્રેમીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું છે અત્રે એ નભૂલવું જોઈએ કે ''માધ્યમિક સંદેશ''ના સહતંગી તરીકે પણ તેઓએ સેવા આપી છે.

આવા દીવાદાંડી સમાન બ્રહત વ્યકિતત્વના ધની જોષીનો ૧૪મી જાન્યુઆરીએ ૮૪મો જન્મદિવસ છે ત્યારે તેમના સર્વતોભદ્ર કર્તવ્યને ગર્વભેર વધાવીએ અને તેઓના નિરામય જીવનની કામના કરીએ. આટલી જૈફ વયે પણ અતિ પ્રસન્નતા સાથે જીવીને આંગણે આવેલ રાજાથી માંડી રંકને એકસમાન આવકારો આપી સૂચના માર્ગદર્શન અને સલાહની સરવાણીને જીવંત રાખી છે. આ બધી માહિતી તેમના શુભેચ્છક કૌશિકભાઈ બાંભણિયા અને તેમના ભત્રીજા કમલેશભાઈ જોશીએ રજુ કરી છે તેઓ નીચેના સરનામે હરકોઈ માટે પ્રતિક્ષારત રહે છે.

# ભમ્મર ગામે પક્ષીઓને બચાવવાની ગામની પ્રાથમિક શાળામાં સમજણ અપાઈ



સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલાના ભમ્મર ગામે પક્ષીઓને બચવાના અભિયાનના ભાગરૂપે કરૂણા અભિયાન ૨૦૨૬ અંતર્ગત ભમ્મર ગામની પ્રાથમિક શાળા ખાતે વનવિભાગ દ્વારા પક્ષીઓને બચાવવા અને પતંગની દોરીથી ઈજાઓ ન થાય અને પક્ષીઓને ઈજાઓથી બચાવવા વિદ્યાર્થીઓને માર્ગદર્શન સાથે પક્ષીઓને બચાવવાની અપીલ વનવિભાગે કરતા વિદ્યાર્થીઓએ પ્રતિજ્ઞા લીધી હતી સાવરકુંડલા વનવિભાગના ફોરેસ્ટ ગાર્ડ આઈ.એચ. સુમરા દ્વારા જનજાગૃતિ સાથે જાગૃતતા લાવવાનો સફળ પ્રયાસ કર્યો હતો.

# અમરેલી ખાતે જેશીંગપરા શાળામાં બીજ પ્રદર્શન યોજાયુ





અમરેલી, તા. ૧૩

અમરેલી ફ્યુચર ફાઉન્ડેશન દ્વારા વિઝન ફોર વાઈલ્ડ લાઈફ પ્રોગ્રામ અંતર્ગત અમરેલી જેસીંગપરા કન્યાશાળા ખાતે સીડ્સ એક્ઝિબિશન (બીજ પ્રદર્શન) ૧૫૦ જેટલી જુદી જુદી વનસ્પતિઓના બીજની ઓળખ તેમનુ મહત્વ, ખાસિયતો અને તેના કુદરતી સંરક્ષણ અને સંવર્ધન અંગેની માહિતી સાથે રજૂ કરવામાં આવ્યું હતું, આ બીજ પ્રદર્શન પ્રવૃત્તિનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ વનસ્પતિના બીજની વિવિધતાને સમજે તે અંગેનો હતો, નગર શિક્ષણ સમિતિના ચેરમેન તુષારભાઈ જોશી, નાયબ નિરંતર શિક્ષણ અધિકારી સોલંકી, પ્રોજેક્ટ ડેપ્યુટી ડાયરેક્ટર આત્મા ચાવડા, ડિસ્ટ્રિક્ટ કોમ્યુનિટી સેન્ટર ચિલ્ડ્રન મ્યુઝિયમ બાલભવન ખાતેથી નિલેશભાઈ પાઠક તેમજ સામાજિક વનીકરણ રેન્જ અમરેલીથી ફોરેસ્ટર વી.ડી. મકવાણા ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓ સાથે પ્રદર્શનને નિહાળીને તેમને પ્રોત્સાહિત કર્યા હતા, સમગ્ર કાર્યક્રમ જેસીંગપરા કન્યાશાળા સ્ટાફના સહયોગથી ફ્યુચર ફાઉન્ડેશન દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો.

# સાવરકુંડલાને જીઆઇડીસી મંજૂર, વેપારીઓમાં ખુશીની લહેર






અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લામાં વિકાસને વેગ આપતી મોટી જાહેરાત સામે આવી છે. સાવરકુંડલા ખાતે ગુજરાત ઈન્ડસ્ટ્રિયલ ડેવલપમેન્ટ કોર્પોરેશન (જી.આઈ.ડી.સી.)ની મંજૂરી મળતા સમગ્ર વિસ્તારના વેપારીઓ અને ઉદ્યોગકારોમાં ખુશહાલી છવાઈ ગઈ છે. લાંબા સમયથી ચાલતી માંગ પૂર્ણ થતાં આ નિર્ણયને ઐતિહાસિક ગણાવવામાં આવી રહ્યો છે.

સાવરકુંડલામાં જીઆઈડીસી મંજૂર થતાં રોજગાર, ઉદ્યોગ અને આર્થિક વિકાસની નવી તકો સર્જાશે તેવી આશા વેપારીઓએ વ્યકત કરી છે. આ ખુશીના પ્રસંગે સાવરકુંડલાના રિદ્ધિ સિદ્ધિ ચોક ખાતે વેપારીઓ દ્વારા ઉજવણી કરવામાં આવી હતી. ઢોલીઓના તાલે નૃત્ય, ફટાકડા ફોડીને અને મીઠાઈ વહેંચીને આનંદ વ્યક્ત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ અનિરૂદ્ધસિંહ રાઠોડ, અગ્રણી વેપારી સંદીપ ભટ્ટ તથા કાંટા ઉદ્યોગ સાથે જોડાયેલા વેપારી કેતન ત્રિવેદી સહિતના વેપારીઓ હાજર રહ્યા હતા. તમામે એકસ્વરે જણાવ્યું હતું કે જીઆઈડીસી મંજૂરીથી સાવરકુંડલા હવે ઉદ્યોગનું કેન્દ્ર બનશે અને યુવાનોને સ્થાનિક સ્તરે રોજગાર મળશે.

વેપારીઓએ આ વિકાસ માટે નરેન્દ્ર મોદી સહિત ભાજપના તમામ નેતાઓનો આભાર માન્યો હતો. આ નિર્ણયને અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસની દિશામાં મહત્વપૂર્ણ પગલું ગણાવવામાં આવી રહ્યું છે.

## ધારાસભ્ય જનક તળાવીયાની જહેમતથી

# લાઠીનાં કાંચરડી–ઢસા (જંકશન) માર્ગનું રૂા. ૪.૫૦ કરોડનાં ખર્ચે નવિનીકરણ થશે

## સમગ્ર પંથકનાં વાહનચાલકોમાં ખુશીનો માહોલ



અમરેલી, તા. ૧૩

લાઠી–બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે લાઠી તાલુકાના કાંચરડી અને ઢસા જં ગામને જોડતા અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકાર ધ્વારા રૂા. ૪.૫૦ કરોડનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે.

કાંચરડી અને ઢસા જં ગામ વચ્ચેનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનક તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરી હતી.

ધારાસભ્યની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂા. ૪.૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટ દ્વારા રોડનું સંપૂર્ણપણે રીસર્ફેસિંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે.

ધારાસભ્યએ આ અંગે જણાવ્યું હતું કે, લાંબા સમયથી આ રોડની સ્થિતિ ચિંતાજનક હતી, જેના કારણે લોકોને હાલાકી ભોગવવી પડતી હતી. રાજય સરકારે આ રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક આટલી મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ–મકાન મંત્રીનો આભાર વ્યક્ત કરૂં છું. આ રોડનું કામ પૂર્ણ થવાથી કાંચરડી અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘણો ફાયદો થશે અને તેમનો સમય તથા શ્રમ બચશે.

આ સમાચારથી સમગ્ર પંથકના ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. તેઓએ ધારાસભ્ય જનક તળાવીયાનો આભાર માન્યો હતો અને આ કામગીરી વહેલી તકે શરૂ થાય તેવી આશા વ્યક્ત કરી હતી.

## ધારાસભ્ય તળાવીયાની જહેમતથી

# બાબરા : મોટા દેવળીયા–રાણપરડા વચ્ચેનાં માર્ગનુ નવિનીકરણ કરાશે

## રૂપિયા ૫૦ લાખનાં ખર્ચે માર્ગ બનશે

અમરેલી, તા. ૧૩

લાઠી–બાબરા પંથકના ધારાસભ્ય જનક તળાવીયાના સઘન પ્રયાસોના ફળ સ્વરૂપે બાબરા તાલુકાના મોટા દેવળીયા અને રાણપરડા ગામને જોડતા અગત્યના માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકાર દ્વારા રૂ. ૫૦ લાખનો માતબર ખર્ચ મંજૂર કરવામાં આવ્યો છે. આ મંજૂરીથી લાંબા સમયથી બિસ્માર હાલતમાં રહેલા આ માર્ગ પરના પ્રવાસીઓ અને સ્થાનિકોને મોટી રાહત મળશે.

મોટા દેવળીયા અને રાણપરડા ગામ વચ્ચેનો આ રોડ આસપાસના અનેક ગામો માટે મુખ્ય પરિવહન માર્ગ તરીકે સેવા આપે છે. રોડની ખરાબ સ્થિતિને કારણે ગ્રામજનોને અવરજવરમાં ભારે મુશ્કેલી પડતી હતી. આ સમસ્યા ધારાસભ્ય જનક તળાવીયાના ધ્યાન પર આવતા, તેમણે તાત્કાલિક ધોરણે આ માર્ગને રીસર્ફેસિંગ કરવા માટે રાજય સરકારમાં રજૂઆત કરી હતી.ધારાસભ્યની રજૂઆતને પગલે માર્ગ અને મકાન વિભાગ દ્વારા આ રોડના કામ માટે રૂ. ૫૦ લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ ગ્રાન્ટ દ્વારા રોડનુંસંપૂર્ણપણે રીસર્ફેસિંગ કરવામાં આવશે, જેનાથી માર્ગની ગુણવત્તા સુધરશે અને વાહન વ્યવહાર સરળ બનશે.

ધારાસભ્યએ આ અંગે જણાવ્યું હતું કે, ''લાંબા સમયથી આ રોડની સ્થિતિ ચિંતાજનક હતી, જેના કારણે લોકોને હાલાકી ભોગવવી પડતી હતી. રાજય સરકારે આ રજૂઆતને ધ્યાને લઈ તાત્કાલિક આટલી મોટી રકમ મંજૂર કરી છે, તે બદલ હું મુખ્યમંત્રી અને માર્ગ–મકાન મંત્રીનો આભાર વ્યકત કરૂં છું. આ રોડનું કામ પૂર્ણ થવાથી મોટા દેવળીયા, રાણપરડા અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના લોકોને ઘણો ફાયદો થશે અને તેમનો સમય તથા શ્રમ બચશે.''

આ સમાચારથી સમગ્ર પંથકના ગ્રામજનોમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. તેઓએ ધારાસભ્ય જનક તળાવીયાનો આભાર માન્યો હતો અને આ કામગીરી વહેલી તકે શરૂ થાયતેવી આશા વ્યકત કરી હતી.

# લીલીયા મોટા : દવે પરિવાર દ્વારા વડીલ વંદના કાર્યક્રમ યોજાયો



લીલીયા, તા.૧૩

લીલીયા મોટા લેઉવા પટેલ સમાજ વાડી ખાતે સ્વ.કાંતાબેન રમણીકભાઈ દવેની ચોથી પુણ્યતિથિની ઉજવણી પ્રસંગે અતુલભાઈ રમણીકભાઈ દવે પરિવાર દ્વારા વડીલ વંદના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ આ પ્રસંગે સૌપ્રથમ સમગ્ર કાર્યક્રમના આયોજક અતુલભાઈ રમણીકભાઈ દવેએ આમંત્રિત મહેમાનોનું શાબ્દિક સન્માન કરેલ ત્યારબાદ નાના નાના બાળકો એ સ્વાગત ગીત રજૂ કરેલ ત્યારબાદ દવે પરિવાર દ્વારા દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવેલ આ તકે અતુલભાઈ રમણીકભાઈ દવે પરિવાર દ્વારા બ્રહ્મ સમાજના ૭૦ વર્ષથી વધારે ઉંમરના ૬૫ જેટલા વડીલોને પુષ્પગુચ્છ,શાલ અને સ્મૃતિ ચિન્હ ભેટમાં આપી સન્માનિત કરવામાં આવેલ આ પ્રસંગે પાટીદાર સમાજના અગ્રણી અરૂણભાઈ પટેલ, મગનભાઈ વિરાણી, મનસુખભાઈ ચોપડા સહિત બ્રહ્મ સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ કાર્યક્રમના અંતે ભોજનની વ્યવસ્થા આયોજક દ્વારા રાખવામાં આવેલ હતી તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

# અમરેલી ખાતે હરિવિહાર યોગ પાઠશાળાનો તૃતિય વાર્ષિક દિન ઉજવાયો



અમરેલી હરિવિહાર ખાતે ગુજરાત રાજય યોગ બોર્ડ ધ્વારા સંચાલિત યોગ પાઠશાળાનો તૃતિય વાર્ષિક દિન ઉજવણીનો પ્રસંગે મોરબીથી પધારેલ ઝોનલ કોઓર્ડીનેટર ગુજરાત રાજય યોગ બોર્ડના વાલજીભાઈ ડાભી સ્ટેટ અને નેશનલ શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ વિનર આઈ.પી. બારડ, જિલ્લા કો ઓર્ડીનેટર સાગરભાઈ મહેતા બગસરા તાલુકા યોગ કોચ શિવરાજભાઈને યોગ પાઠશાળાના કોચ પ્રિયંકાબેન કટોચે તુલસીના રોપાઓ આપી સ્વાગત કરેલ આ પ્રસંગે કથ્થકમાં છેલ્લા ૩ વર્ષથી કલા મહાકુંભમાં જિલ્લા કક્ષાએ પ્રથમ તથા સૌરાષ્ટ્ર ઝોન કક્ષાએ પ્રથમ અને રાજયકક્ષાએ ઉત્કૃષ્ઠ દેખાવ કરનાર સોમયાબેને કથ્થક નૃત્ય રજુ કરેલ. ઉપરોકત મહેમાનોએ દિપ પ્રાગટય કરી કાર્યક્રમની શરૂઆત કરેલ. યોગ પાઠશાળાના બહેનોએ યોગાસનના જુદા જુદા પીરોમીડો રજુ કરેલ, પાણી એ આપણી મોટી સમસ્યા છે. પાણીનો થતો બગાડ અટકાવવા સુદર મજાનું માઈમ દ્વારા સમજાવેલ. આ પાઠશાળાના સંચાલિકા પ્રિયંકાબેન કટોચને કોચની ડીગ્રી મળતા વાલજીભાઈ ડાભીએ પ્રમાણપત્ર અર્પણ કરેલ. પાઠશાળાના સૌથી મોટી ઉંમરના ૭૬ વર્ષના યોગસાધક ઈન્દુબેન ભટ તેમજ કલાસમા ૧૦૦ ટકા હાજરી આપેલ એવા આરતીબેન જોષી, જયોતિબેન ખખ્ખર અને અસ્મિતાબેન વઘાસિયાનું સન્માન કરવામાં આવેલ. આ ઉપરાંત ડીલીવરીના અંતિમ દિવસો સુધી યોગ કરનાર રીનલબેનનું વિશેષ સન્માન કરવામાં આવેલ. ઝોન કો ઓર્ડીનેટર યોગ વિશે ઉડાંણ પૂર્વક માહીતી આપેલ. રાજય અને રાષ્ટ્રિય એવોર્ડી આઈ. પી. બારડે આજના આ મોબાઈલ યુગમાં યોગ કરવા ભલામણ કરતા જણાવેલ કે યોગ ભગાવે રોગના સુત્રને ઉજાગર કરી આપણે હંમેશા ફીટ રહીએ. કાર્યક્રમનું સફળ સંચાલન પિતા અને દિકરી એવા ચંદનસર અને સોમયાબેને રમુજ શૈલીમા કરી બધાને હસાવી હસાવી પ્રફુલીત બનાવી દિધેલ. અંતમાં આભારવિધિ યોગ કોચ પ્રિયંકાબેન કટોચે આટલી મોટી એટલે કે ૨૦૦ની સંખ્યામા હાજરી આપી કાર્યક્રમને ચાર ચાંદ લગાડનાર યોગ ચાહકોનો ખોબલે ખોબલે આભાર માનેલ તેમ આઈ.પી. બારડની યાદી જણાવે છે.

### પશુપાલન વિભાગ દ્વારા કામગીરી શરૂ

# ખાંભા પંથકમાં પશુઓમાં 'ખરવા' રોગની શંકાથી નમૂના લેવાનું શરૂ કરવામાં આવ્યું

## ગામેગામ ફરીને પશુઓની ચકાસણી કરવામાં આવી રહી છે

અમરેલી, તા.૧૩

ખાંભા તાલુકાના ગીર પંથકમાં દુધાળા પશુઓમાં 'ખરવા' રોગની શંકાથી પશુપાલન વિભાગે સેમ્પલિંગ અને સ્કેનિંગ શરૂ કરી રોગ સામે પ્રતિકાર કરવાં તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવેલ છે.

ખાંભા તાલુકા સહિત ગીર પંથકના કેટલાક વિસ્તારોમાં પશુઓમાં 'ખરવા' નામના રોગના લક્ષણો દેખાતા પશુપાલકોમાં ચિંતા ફેલાઈ જવાં પામેલ છે. રોગની જાણ પશુ ચિકિત્સકને કરવામાં આવતા તાત્કાલિક પશુપાલન વિભાગ દ્વારા આ વિસ્તારમાં સેમ્પલિંગ અને સ્કેનિંગ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે.

પશુચિકિત્સક વિભાગની ટીમો ગામેગામ ફરી રહી છે. અને ગાય, ભેંસ સહિતના દુધાળા પશુઓની આરોગ્ય તપાસ કરી રહી છે. રોગના સંભવિત લક્ષણો ધરાવતા પશુઓના લોહી તથા અન્ય જરૂરી નમૂનાઓ લેવામાં આવી રહ્યા છે, જેથી લેબોરેટરી તપાસ દ્વારા રોગની ખાતરી કરી શકાય. સાથે સાથે પશુઓની સ્કેનિંગ કરીને આંતરિક સ્થિતિની પણ તપાસ કરવામાં આવી રહી છે.




પશુપાલન વિભાગ દ્વારા પશુપાલકોને પણ સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. બિમાર પશુઓ હોય તો અલગ રાખવા, સ્વચ્છતા જાળવવા અને અન્ય પશુઓ સાથે સંપર્ક ઓછો રાખવા માટે પણ માર્ગદર્શન આપવામાં આવી રહ્યું છે. જરૂરી જણાય ત્યાં તાત્કાલિક સારવાર અને રસીકરણની વ્યવસ્થા પણ કરવામાં આવી રહી છે.

અધિકારીઓએ જણાવ્યું કે હાલ પરિસ્થિતિ નિયંત્રણમાં છે અને ગભરાવાની જરૂર નથી. સમયસર તપાસ અને સારવારથી રોગને ફેલાતો અટકાવી શકાય છે. પશુપાલકોને અફવાઓ પર વિશ્વાસના રાખી વિભાગ સાથે સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.

### ૧૫ જાન્યુઆરી ''આર્મી દિવસ''

# હે ધન્ય જવાન યે અપને, હે ધન્ય હૈ ઉનકી જવાની




દર વર્ષે ૧૫ જાન્યુઆરીએ આર્મી દિવસ ઉજવવામાં આવે છે. તે પાછળનું કારણ એ છે કે ૧૯૪૯માં આ દિવસે, બ્રિટિશ લેફટનન્ટ જનરલ કે.એમ. કારિઅપ્પા ભારતનાં છેલ્લા બ્રિટીશ કમાન્ડર-ઈન-ચીફ જનરલ ફ્રાન્સિસ બુચરની જગ્યાએ ભારતીય સેનાનાં કમાન્ડર-ઈન-ચીફ બન્યા હતા. કે.એમ. કારિઅપ્પા એવા પ્રથમ અધિકારી હતા કે જેને ફીલ્ડ માર્શલનું બિરૂદ આપવામાં આવ્યું હતું. તેમના યુદ્ધ કૌશલ્ય અને વીરતાને જોઈને ભારત ઉપરાંત વિદેશોમાં પણ તેમને સન્માનિત કરવામાં આવ્યા છે. તેમણે ૧૯૪૭માં ભારત-પાક યુદ્ધમાં ભારતીય સેનાનું નેતૃત્વ કર્યુ હતું. ૨૮ જાન્યુઆરી ૧૮૯૯માં કર્ણાટકના કુર્ગમાં શનિવર્સાંથિ નામના સ્થળે જન્મેલા ફીલ્ડ માર્શલ કરિઅપ્પાએ માત્ર ૨૦ વર્ષની વયે બ્રિટિશ ઈન્ડિયન આર્મીમાં નોકરી શરૂ કરી હતી. તેમના પિતા કોડંડેરા માડિકેરીમાં 'રેવેન્યુ ઓફિસર' હતા. કરિઅપ્પાને ત્રણ ભાઈ અને બે બહેનો હતી. પરિવારજનો નાનપણમાં તેમને પ્રેમથી 'ચિમ્મા' કહીને બોલાવતા હતા. તેમણે ૧૯૩૭માં મુથૂ મચિયા સાથે લગ્ન કર્યા. તેમને એક દીકરો અને એક દીકરી હતા. તેમનો દીકરો સી. કરિઅપ્પા પણ ઈન્ડિયન એરફોર્સમાં ઓફિસર હતો. સી. કરિઅપ્પાએ પોતાના પિતાની બાયોગ્રાફી પણ લખી હતી જેનું નામ 'ફીલ્ડ માર્શલ કે એમ કરિઅપ્પા' રાખ્યું હતું. કારિઅપ્પા વર્ષ ૧૯૫૩માં નિવૃત્ત થયા હતા અને ૧૯૯૩માં ૯૪ વર્ષની વયે અવસાન પામ્યા હતા. કારિઅપ્પા જેવા કેટકેટલા આર્મી ઓફિસર, કમાન્ડર, ચીફ વગેરે દેશ માટે, દેશવાસીઓ માટે રોજ રોજ મોતનો સામનો કરે છે અને નીડર રહીને મોતને ભેટે છે. તેમના સન્માનમાં તેમનાં આદર સત્કારમાં દર વર્ષે આર્મી દિવસ ઉજવાય છે. લોકોએ દેશનાં રક્ષકો માટે જાગૃત થવું પડશે. એ છે તો દેશ આબાદ છે અને એ સરહદ પર આપણી સુરક્ષા હેતુ છે તો આપણે પણ તેમનાં પરિવારનો ખ્યાલ રાખવાની ફરજ બજાવવી જોઈએ. આ દિવસે ભારતીય સેનાનો આભાર માનીએ અને એમના સન્માનમાં થોડી ક્ષણોનું મૌન જાળવીએ.

**-મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

### ગ્રીન ગ્રુપ એજ્યુકેશન ટ્રસ્ટ અને દાતાઓના સહયોગથી

# ખાંભા ખાતે મકરસંક્રાંતિ પર્વને લઈને ગરીબ પરિવારોને દાળિયા, ખજુરની કીટ અપાઈ

## પૂર્વ સરપંચ સહિતનાં સેવાભાવીઓનું ઉમદા કાર્ય

ખાંભા, તા. ૧૩

ખાંભા ખાતે ગ્રીન ગૃપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ ધ્વારા અને દાતાઓને અનેક પ્રકારના સેવાકીય કાર્યો કરવામાં આવે છે. ત્યારે ગ્રીન ગૃપ એજયુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ છેલ્લા ૬ વર્ષથી ખાંભા શહેર તથા આજુબાજુનાં ગ્રામ્ય વિસ્તારમાં નિરાધાર અને ગરીબ વર્ગનાં લોકોને કરિયાણા કીટ તેમજ દવાખાના માટે ફ્રીન સેવા કરવામાં આવે છે અને દરેક તહેવારોને લગતી કીટો વિતરણ કરવામાં આવે છે. ત્યારે આ વર્ષે મકરસંક્રાંતિના તહેવાર નિમિતે નિરાધાર અને ગરીબ વર્ગના લોકોને ૫૦થી ૬૦ જેટલી ખજુર, દાયિળયા, મમરાની ચીકી સહિતની કીટ વિતરણ કરવામાં આવી હતી. આ સેવા કાર્યમાં ગ્રીન ગૃપના સભ્યો જોડાયા હતા. પૂર્વ સરપંચ અમરીશભાઈ જોશી, રમેશભાઈ માંડવીયા, રાજુભાઈ વાળા પત્રકાર, ભાવિકભાઈ કલસરિયા પત્રકાર, હરેશભાઈ વરિયા, વિનુભાઈ ચાવડા, હસુભાઈ કલસરિયા,



ભુપતભાઈ કલસરિયા, રસિકભાઈ કામળિયા સહિતના ગ્રીન ગૃપનાં સભ્યો જોડાયા હતા અને આ સેવા કાર્યને સફળ બનાવ્યું હતું.

### ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ-અમરેલી દ્વારા

# ખાંભાના ડેડાણ મુકામે ખેડૂતો માટે પ્રેરણા પ્રવાસ યોજાયો

## કુલ ૨૩૦ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત લીધી



અમરેલી, તા. ૧૩

ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ-અમરેલી ધ્વારા ખાંભાના ડેડાણ મુકામે ખેડૂતો માટે પ્રેરણા પ્રવાસ યોજાયો હતો. આ પ્રવાસનું આયોજન મુક્તાનંદ બાપુ આશ્રમના પ્રાકૃતિક મોડેલ ફાર્મ ખાતે કરવામાં આવ્યુ હતું. જેમાં ખાંભા તાલુકાના જીવાપર, કંટાળા, સરકડીયા મોટા, ભાવરડી, ત્રાકુડા, બોરાળા ગામના કુલ મળી ૨૩૦ જેટલા ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત કરી હતી.

આત્મા પ્રોજેકટ ડાયરેકટર મહેશ ઝીડ ધ્વારા ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ વિષયક માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યુ હતું. ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ સતત પ્રયત્નશીલ છે. જિલ્લાની અંદર પ્રેરણા પ્રવાસ અન્વયે પ્રાકૃતિક બોર્ડના માસ્ટર ટ્રેનર વૈશાલીબેન ચાવડા અને તાલુકા પ્રોજેકટ મેનેજર ઉર્વશીબેન ગજેરા પણ ઉપસ્થિત રહ્યા હતા.

### સ્વ.લાભશંકરદદાની ૫૬ મી પૂણ્યતિથિએ

# અમરેલી ખાતે પ્રજ્ઞાચક્ષુ બાળાઓને ભેટ અર્પણ

## લોક સાહિત્યસેતુ પરિવાર જોડાયો



અમરેલી, તા.૧૩

લોકસાહિત્ય સેતુના ખજાનચી હસુભાઈજોશીના પૂજય પિતા સ્વર્ગસ્થ લાભશંકર દાદાની ૫૬ મી પુણ્યતિથિ નિમિત્તે અમરેલી શહેરની મણિનગર ખાતે આવેલી અંધ મહિલા શાળા ખાતે બાર જેટલી અંધ બાળાઓને સ્કાપ, અડદિયા અને ગાંઠીયા નો નાસ્તો તેમજ પ્રત્યેકને રૂપિયા ૨૦ તેમની પૌત્ર વધુ અ.સૌ. મમતાબેન તેમજ અ.સૌ. નિરંજનના બેન બંનેના વરદ હસ્તે ભેટ અર્પણ કરવામાં આવી પ્રારંભમાં લોકસાહિત્ય સેતુના કલાકાર સંજયભાઈ પંડયાએ પોતાના સુરેલા કંઠમાં અંધશાળાની બાળાઓને સાથે રહી સુંદર પ્રાર્થના રજૂ કરી આ પ્રસંગે પરશુરામ મંડળીના પ્રમુખ અશ્વિનભાઈ ત્રિવેદી, શ્રીમતી કિરણબેન ત્રિવેદી સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ મુકુંદભાઈ મહેતા બ્રહ્મ અગ્રણી અને પરશુરામ મંડળીના ઉપપ્રમુખ મહેન્દ્રભાઈ શુકલ લોકસાહિત્ય સેતુના સ્થાપક મહેન્દ્રભાઈ જોશી પ્રિય મિત્ર ખેડૂત અગ્રણી કેશુભાઈ કાછડીયા સમેત વિશાળ સંખ્યામાં સ્નેહીજનો ઉપસ્થિત રહેલ પધારેલા સૌને ચા-પાણી નાસ્તો કરાવવામાં આવ્યો શહેરીજનોમાં ઓછી જાણકારી વાળી આ સંસ્થામાં સંચાલક વાળાભાઈએ સુંદર મજાની વ્યવસ્થા ઉભી કરેલ તે સહુનો કાર્યક્રમને અંતે આભાર દર્શન કરવામાં આવ્યું.

### સ્પોર્ટ્સ અને વેલ્યુ આધારિત વિકાસ પહેલ મારફતે

# એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ દ્વારા ફિટનેસ, ટીમવર્ક અને લાઈફ સ્કીલ્સને પ્રોત્સાહન

## આજુબાજુનાં ગામોનાં ૭૦૦થી વધારે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન



પિપાવાવ, તા. ૧૩

ગુજરા- ૧૩ જાન્યુઆરી, ૨૦૨૬ કોમ્યુનિટી ડેવલપમેન્ટ અન કિશોરોને સશકત બનાવવા પ્રત્યે પોતાની સતત કટિબદ્ધતા અંતર્ગત એપીએમ ટર્મિનલ્સ પિપાવાવે સ્વામી વિવેકાનંદઈન્ટર-વિલેજ સ્પોર્ટ્સનુ આયોજન કર્યું અને પરવરિશ કેપ ચલાવ્યો. તેમાં આજુબાજુના ગામોના વિદ્યાર્થીઓને ફિઝીકલ ફિટનેસ, ટીમવર્ક, લીડરશીપ તથા સર્વાંગી વિકાસ પર ધ્યાન કેન્દ્રીત કરતી વિવિધ પહેલો સાથે સામેલ કરવામા આવ્યાં.કંપનીના જ્ઞાન જયોતિ પ્રોજેકટ અંતર્ગત યોજાયેલ સ્વામી વિવેકાનંદ ઈન્ટર-વિલેજ સ્પોટર્સડેમાં રામપારા, ભેરાઈ, શિયાલબેટ, પાદર, થાવી, દિવાલો, દેવપારા, કડિયાલી અને પિપાવાવધામ જેવા ગામોની નવ શાળાના ધોરણ ૪થી ૮ના ૫૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ ઈવેન્ટનો ઉદ્દેશ ગ્રામીણ કિશોરોમાં ફિટનેસ, શાળાઓ વચ્ચે સહયોગ અને એકંદરે સુખાકારીને વધારવાનો હતો.વિદ્યાર્થીઓને કબડી, ખો-ખો, લાંબીકુદ, ઊંચીકુદ, ૧૦૦-મીટર અને ૨૦૦ મીટર દોડ જેવી અનેક રમત-ગમતની પ્રવૃત્તિઓમાં ઉત્સાહભેર ભાગ લીધો. જેથી સ્વસ્થ સ્પર્ધા, અનુશાસન અને ખેલ ભાવનાને પ્રોત્સાહન મળ્યું. આ ઈવેન્ટે યુવા સહભાગીઓને એક સાથે આવવા, મિત્રતાને વધારવા તથા વ્યકિતગત વિકાસના સંભવિત માર્ગરૂપે રમત-ગમતને ઓળખવાનો એક ઉત્તમ મંચ પ્રદાન કર્યુ.

શારીરિક ફિટનેસ પર ફોકસ સાથેસાથે એપીએમ ટર્મિનલ્સ પિપાવાવ, ભેરાઈ, થાવી, પાદર અને દિવાલો જેવા ગામોના કલાસ ૮નાવિદ્યાર્થીઓ માટે પરવરિશ કેમ્પ પણ આયોજીત કર્યા. લોકભારતી રૂરલ યુનિવર્સિટી, સનોસરામાં આ કેમ્પમાં ત્રણ બેંચમાં ૨૦૭ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. આ કેમ્પનેમા ઈન્ડગેમ્સ, લાઈફ સ્કીલ્સસેશન, થિએટર-બેઝડ લર્નિંગ, સિચ્યુએશનલ એનાલિસિસ અને ગ્રુપ એકસરસાઈઝ જેવા સ્ટ્રકચર્ડ એકિટવિટીઝ મારફતે વિદ્યાર્થીઓમાં લીડરશિપ સ્કીલ્સ, ટીમ બિલ્ડિંગ તથા એન્ટર પ્રિન્યોરલ વિચારને વધારવા માટ ડિઝાઈન કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે કલાસરૂમની બહાર સેલ્ફ-અવેરનેસ, સહયોગ અને આત્મ વિસને ઉત્તેજન આપ્યું.આ અંતર્ગત કરવામાં આવેલ પહેલ મારફતે એપીએમ ટર્નિનલ્સ પિપાવાવ પોર્ટની આજુબાજુના સમુદાયોમાં યુવાનોના સંપૂર્ણ વિકાસને સપોર્ટ કરવાનું જારી કરવાનું રાખેલ છે. કંપનીના સીએસઆરપ્રયાસ અનેક સેકટરમાં ફેલાયેલ છે, જેમાં મોબાઈલ સાયન્સ અને મેથેમેટિકસલેબ, મોબાઈલ હેલ્થ યુનિટ, ૨૪×૭ એડવાન્સ્ડ લાઈફ સપોર્ટ એમ્બ્યુલન્સ, મોબાઈલ પશુ ચિકિત્સા કિલનિક, એક બોટ એમ્બ્યુલેન્સ, સ્કીલ અને એન્ટરપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ પ્રોગ્રામ અને ઉડાન, હરિત તથા પ્રવાહ જેવા સામુદાયિક પહેલનો સમાવેશ થાય છે.આ પ્રોગ્રામ એપીએમ ટર્નિનલ્સ પિપાવાવના શિક્ષણ, સ્વાસ્થ તથા પર્સનલ ગ્રોથ માટે સાર્થક તકનું સર્જન કરવા પર સતત ધ્યાન આપી રહેલ છે. જે આ વિસ્તારના યુવા વસ્તીની લાંબા સમયના કલ્યાણમાં યોગદાન આપે છે.

### ઉત્તરાયણ પર્વને લઈને કરૂણા અભિયાનના આયોજન સંદર્ભે

# અમરેલી જિલ્લા કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ

## પક્ષીઓના વિહરવાના અને સાંજે માળામાં પરત ફરવાના સમયે પતંગો ન ઉડાડવા અપીલ

અમરેલી, તા. ૧૩

દર વર્ષે તા. ૧૪ જાન્યુઆરીના રોજ ઉત્તરાયણ પર્વની ઉજવણી કરવામાં આવે છે. આ પર્વમાં પતંગ ઉડાડવા માટે ઉપયોગમાં લેવામાં આવતા સીન્થેટીક અને ચાઈનીઝ દોરા, તેમજ કાચ પાયેલ દોરાના ઉપયોગથી અબોલ પક્ષીઓ ઘાયલથાય છે. ઘાયલ થયેલ પક્ષીઓને તત્કાલ સારવાર મળ અને તેનો જીવ બચાવવો એ કુદરત પ્રત્યેનો શ્રેષ્ઠ માનવીય અભિગમ છે.

આજરોજ જીલ્લા સેવા સદન ખાતે જીલ્લા કલેકટર વિકલ્પ ભારદ્વાજના અધ્યક્ષ સ્થાને સમગ્ર અમરેલી જીલ્લામાં કરૂણા અભિયાન-૨૦૨૬ના સુચારૂં આયોજન સંદર્ભે બેઠક યોજાઈ હતી. જીલ્લા કલેકટરએ વિવિધ પ્રકારના પતંગ દોરાથી અબોલ પક્ષીઓ ઘાયલ ન થાય અને ઘાયલ પક્ષીઓને તત્કાલ સારવાર મળે તે માટે સંબંધિત અધિકારીઓને તકેદારી રાખવા સ્પષ્ટ દિશા નિર્દેશો આપ્યા હતા.

સમગ્ર જિલ્લામાં આગામી તા. ૧૦ થી ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી કરૂણા અભિયાન-૨૦૨૬ યોજાશે. આ અભિયાન અન્વયે અબોલ પક્ષીઓનું રક્ષણ અને વિવિધ પ્રકારના પતંગ દોરાથી ઘાયલ પક્ષીઓને તત્કાલ સારવાર મળે તે માટે પ્રતિબદ્ધતા સાથે કામગીરી કરવામાં આવશે.

પતંગ દોરાથી ઘાયલ પક્ષીઓના જીવ બચાવવા માટે કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઈન નં. ૧૯૬૨, વન વિભાગ હેલ્પ લાઈન નં. ૧૯૨૬ તેમજ વ્હોટ્સએપ હેલ્પ લાઈન નં. ૮૩૨૦૦ ૦૨૦૦૦ જાહેર કરવામાં આવ્યો છે. નાગરિકોને અનુરોધ છે કે, ઘાયલ પક્ષી જોવા મળે તો તત્કાલ હેલ્પ લાઈન નંબર પર સંપર્ક કરીએ અને પક્ષીઓને સારવાર અપાવીને તેનો જીવ બચાવી માનવીય ધર્મ અને નાગરિક ફરજ અદા કરીએ.

સમગ્ર જીલ્લામાં નાગરિકો, બાળકો, યુવાઓને અપીલ છે કે, પતંગ ઉડાડવા માટે પ્લાસ્ટીક કે, સીન્થેટીક તેમજ ચાઈનીઝ સહિતના દોરાનો ઉપયોગ ન કરીએ કે, તે પ્રકારના દોરાની ખરીદી પણ ન કરીએ, પક્ષીઓના વિહરવાના સમયે એટલે કે, સવારના ૭ થી ૯ વાગ્યા સુધી તેમજ સાંજે પક્ષીઓ માળામાં પરત ફરવાના સમયે સાંજના ૫ થી ૮ વાગ્યા સુધી પતંગો ઉડાડવા માટે સાવચેતી રાખીએ અથવા તો પતંગો ન ઉડાડવા અપીલ છે.

આવો, સૌ નાગરિકો પ્રતિજ્ઞા લઈએ કે, કરૂણા અભિયાન ૨૦૨૬ના ૧૦ દિવસ દરમિયાન પતંગ દોરાથી ઘાયલ પક્ષી જોવા મળશે તો તત્કાલ તેને પશુ દવાખાને પહોંચાડીશુ, પર્યાવર પ્રેમી, કે સંસ્થા અથવા વન વિભાગને જાણ કરીશું અથવા ઉપરોકત કરૂણા એનીમલ એમ્બ્યુલન્સ હેલ્પલાઈન, વન વિભાગ હેલ્પ લાઈન તેમજ વ્હોટ્સએપ હેલ્પ લાઈન નંબર પર સંપર્ક કરીને ઘાયલ પક્ષીઓને સારવાર અપાવીને પક્ષીઓનો જીવ બચાવીશુ.

કરૂણા અભિયાન-૨૦૨૬ના સુચારૂ આયોજન સંદર્ભે યોજાયેલ બેઠકમાં વન વિભાગ સહિત સંબંધિત વિભાગ-કચેરીના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલીની કે.કે.પારેખ કોમર્સ કોલેજ ખાતે રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી



અમરેલી, તા.૧૩

અમરેલીના શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસમાં આવેલ અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત કે.કે.પારેખ કોમર્સ કોલેજ ખાતે રાષ્ટ્રીય યુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણીના ભાગરૂપે કોલેજ ખાતે કાર્યરત ઈનોવેશન કલબ અંતર્ગત 'સ્વામી વિવેકાનંદ : યુવાનોમાં પરિવર્તનના પ્રણેતા 'વિષય' પર એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર માટે અમરેલીના ડેરી પીપળીયા ખાતેના આશ્રમના મહંત હંસ ગીરીબાપુ પ્રવચન માટે પધાર્યા હતા.

ત્યારબાદ પ્રા.વાય.કે. કયાડા દ્વારા મહંતનો પરિચય આપવામાં આવ્યો હતો. ત્યારબાદ મહંતએ વિવેકાનંદજી યુવાનોમાં પરિવર્તન લાવવા માટે કેવી રીતે સમર્થ છે. તેના વિશે રસપ્રદ વાતો કરી હતી. તેઓએ તેમની હળવી શૈલીમાં વિદ્યાર્થીઓને પરિવર્તન માટે પ્રોત્સાહિત કર્યા હતા. મહંતના પ્રવચન બાદ વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ પણ રાખવામાં આવ્યો હતો.

કાર્યક્રમના અંતે આભાર વિધિ કરવામાં આવી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કોલેજના પ્રા.ડો.એ. જી. પટેલ, ડો. વાય. એચ. ઠાકર, ડો. પી. કે. ત્રિવેદી, ડો. એમ. એમ. પટેલ, ડો. એ. કે. વાળાએ જહેમત ઉઠાવી હતી.

સેમિનારની શરૂઆતમાં સ્વાગત પ્રવચન કોલેજના એન. એસ. એસ.પ્રોગ્રામ ઓફિસર, ડો. ગોરવાડીયાએ કર્યુ હતું. ત્યારબાદ મહંત હંસ ગીરીબાપુનું પુષ્પગુચ્છ તથા સાલ ઓઢાડીને સન્માન કોલેજના પ્રા.વાય.કે.કયાડા દ્વારા કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યા ભારતીબેન ફીણવીયાનુ પુષ્પગુચ્છ દ્વારા સ્વાગત કોલેજના પ્રા.જે.એમ.તળાવીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમના સફળ આયોજન બદલ અમરેલી જિલ્લા વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, ચતુરભાઈ ખુંટ, નિયામક ડો. જી. સી. ભીમાણી અને કોલેજના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ ભારતીબેન ફીણવીયાએ શુભેચ્છાઓ પાઠવી હતી.

# મકરસંક્રાંતિનાં પાવન પર્વ નિમિત્તે ગૌસેવાનો સંકલ્પ કરીએ



અમરેલી, તા. ૧૩

ગૌમાતાની સેવા-રક્ષાનો સંકલ્પ કરીએ. ગાય આપણા આરાધ્યની આરાધ્યા છે. ગૌમાતામાં સમગ્ર દેવી દેવતાઓ નિવાસ કરે છે. ગૌમાતાની સેવાથી પૂર્વજોની પણ સદગતી પ્રાપ્ત થાય છે.

આજના આ યુગમાં ભગવાનને તો અનેક પ્રકારનાં ભોગો ધરવામાં આવે છે. પરંતુ તેમની પ્રાણ પ્યારી ગૌમાતા ઘણી જગ્યાએ ભૂખી-તરસી જોવા મળે છે. ગૌમાતાની સેવાનો પથ સંકલ્પ લઈએ.

ગૌમાતા માટે આપણે શું શું કરી શકીએ ? (૧) ભારતની દેશી કુળની ગાયનાં દૂધ, દહીં, ઘી જ ઉપયોગ કરીએ. (૨) પંચગવ્ય નીર્મિત દવાઓનો ઉપયોગ કરીએ. (૩) ગૌ આધારિત જૈવિક ખેતી અપનાવીએ. (૪) ગૌ આધારીત ગ્રામોદ્યોગની સ્થાપના કરીએ. (૫) એક પરિવાર થકી એક ગાયનું પાલન પોષણ કરીએ.(૬) ગૌચરની જાળવણી કરીએ અને દબાણ હટાવીએ. (૭) ગૌશાળા શરૂ કરવામાં નિમિત બનીએ. (૮) ગૌ સારવાર કેન્દ્રો હોસ્પીટલને મદદરૂપ થઈએ. (૯) માંગલિક કાર્યો અને શુભ અવસરો પર ગૌમાતા માટે મંગલવિધિ અપનાવીએ. (૧૦) જન્મદિવસ, લગ્ન સંસ્કાર જેવા તેમજ અન્ય પ્રસંગો ઉપર ગૌમાતાનું સ્મરણ કરી દાન કરીએ. (૧૧) દિકરીને એક ગાયનું દાન આપીએ. (૧૨) ગોપાલકોને આદર અને સન્માન આપીએ. (૧૩) ઘરમાં સર્વ દેવમયી ગૌમાતાનું ચિત્ર લગાવીએ. (૧૪) દરરોજ ગૌમાતાનાં દર્શન કરીએ. (૧૫) વર્ષમાં અનેક વખત ગૌશાળા-પાંજરાપોળોની મુલાકાત લઈએ. (૧૬) ગૌ ઉત્સવો જોરોશોરોથી ઉજવવાની શરૂઆત કરીએ. (૧૭) ગૌ સેવા અર્થે પ્રકાશિત થતી પત્રિકાઓ અને સાહિત્ય જરૂર મંગાવીએ તેમજ મીડિયામાં ગૌસેવાનો પ્રચાર કરીએ. (૧૮) ગૌ રક્ષા, ગૌપાલન અને ગૌ સંવર્ધન સહિતનાં ગૌસેવાનાં તમામ કાર્યોમાં સહયોગ આપીએ.

**-મિત્તલ ખેતાણી**
**(મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯)**

# સુરત મુકામે સમૃધ્ધિ નાગરિક શરાફી સહકારી મંડલી લી. અમરેલીની સુરત શાખાનો નવા રૂપ–રોગાન અને નવા સ્થળે દબદબાભેર પ્રારંભ



અમરેલી તા. ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ સમૃદ્ધિ નાગરિક શરાફી સહકારી મંડળી લી. અમરરલીની સુરત શાખાનો ૨૨૧, આઈ.ટી.પાર્ક, અર.આર.મોલની સામર, મોટા વરાછા ખાતર દબદબાભેર ઉદ્‌ઘાટન સમારો યોજાયો હતો. યોગી ચોક ખાતર છેલ્લા એક વર્ષથી કાર્યરત સંસ્થાની સુરત શાખાનો નવા રૂપ–રોગાન સાથે નવા સ્થળે સૌરાષ્ટ્રના ઉદ્યોગપતિઓ, બિલ્ડરો, વરપારીઓ અને સુરત સ્થિત સભાસદોની ઉપસ્થિતિમાં પ્રારંભ કરવામાં આવ્યો. આ તકે ઉપસ્થિત મહાનુભાવો અને સભાસદોને સંબોધિત કરતા અમરેલીના પૂર્વ સાંસદ અને સંસ્થાના ચેરમેન નારણભાઈ કાછડીયાએ છેલ્લા પાંચ વર્ષમાં મંડળીએ કરેલ પ્રગતિ અને વિકાસ અંગે ઉપસ્થિત લોકોને જાણકારી આપી મંડળીની કાર્યપદ્ધતિ અંગે અવગત કરાવ્યા હતા. આ તકે સંસ્થાના ડિરેકટરો વિઠ્ઠલભાઈ માદલીયા, ભનુભાઈ ચોવટીયા, પુનાભાઈ ગજેરા, ડો. જયંતીભાઈ કુંભાણી, ભરતભાઈ બાવીશી, જયાબેન ગેલાણી, અતુલભાઈ રાદડિયા, મોહનભાઈ ભંડેરી, મંથનભાઈ કાછડીયા, વિજયભાઈ ભાલાળા, જયસુખભાઈ ઠુંમર, પિયુષભાઈ કાછડીયા, કમલેશભાઈ જીયાણી, હિરેનભાઈ કાછડીયા અને મંત્રી વિશાલભાઈ સરધારાએ ઉપસ્થિત મહેમાનોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. આ કાર્યક્રમમાં ઉદ્યોગપતિઓ રમેશભાઈ પાંચાણી (પીપરડી), નિકુંજભાઈ આર્કિટેક (લીંબડીયા), કાળુભાઈ કથીરીયા (નરસડી), મુકેશભાઈ મારૂતિ જવેલર્સ, જયેન્દ્રભાઈ ગોંડલીયા, શૈલેષભાઈ (લીલાબા), દાસભાઈ રાદડિયા (અમૃતવેલ), જયેશભાઈ જોગાણી (પીપરડી), નાનુભાઈ શેલડીયા (ભાડ), હિતેશભાઈ (લીલાબા), મોહનભાઈ ગાંધી (હેમાળ), પિયુષભાઈ ધોળકિયા (લીલાબા), તખુભાઈ લાલુ (ચરખડીયા), લાલજીભાઈ રબારીકાવાળા, ઘનશ્યામભાઈ ઘેવરિયા (ધજડી), છગનભાઈ વાવડીયા (જીરા), પૂર્વ નાયબ મામલતદાર ઝાલાવાડીયા, કમલેશભાઈ રાદડિયા (ભગત), પોપટભાઈ તળાવીયા, ડી.કર. શેખલીયા, ગોરધનભાઈ નારોલા, સંજયભાઈ રૂપારેલિયા, ભરતભાઈ ઉકાણી, શાંતિલાલ ધાનાણી, દિનેશભાઈ જોગણી, કાળુભાઈ સોરઠીયા, રાઘવભાઈ દોમડીયા, વિપુલભાઈ દુધાત, રાહુલભાઈ રાદડિયા, સંજયભાઈ કોઠીયા, લલિતભાઈ બાળધા અને કાળુભાઈ કાછડિયા સહિતના ઉદ્યોગપતિઓ, બિલ્ડરો, અગ્રણી વેપારીઓ અને બહોળી સંખ્યામાં સભાસદ ભાઈઓ–બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## લાઠીની ૧૦૮ એમ્બ્યુલસ બની જીવનરક્ષક



અમરેલી, તા. ૧૩

લાઠી નજીક ગોવિંદપરા ગામથી જરખીયાના રસ્તે વાડી વિસ્તારમા તા. ૯/૧/૨૬ નારોજ અધુરા મહિને દુખાવો થતા ૧૦૮ને મદદ માટે કોલ કરાયો. જે કોલ લાઠી ૧૦૮ને મળ તાજ લાઠી ૧૦૮માં ફરજપર હાજર પાયલોટ હીતેશભાઈ રાજયગુરૂ અને ઈમરજન્સી મેડીકલ ટેકનીશીયન ગોપીબેન ગાંગડીયા સત્વરે રવાના થયા અને સ્થળ સુધી પહોચતો વાડીનો રસ્તો કે જયાં પાયલોટ હીતેશભાઈ રાજયગુરૂએ સાંકડા અને બંન્ને બાજુ પલ્ટી મારી જવાય એવા રસ્તેથી સાવચેતીથી અને પોતાની સુજ–બુજથી છેક વાડીમા એમ્બ્યુલંસ પહોચાડી ત્યાં પહોચી સ્થીતીની ગંભીરતા ઈમરજન્સી મેડીકલ ટેકનીશીયન ગોપીબેન તે વાડીના મજુરની સગર્ભાને વાડીમાજ તપાસ કરીને સ્થીતીની ગંભીરતાની જાણ પોતાના ઉપરી અધિકારી ઉપરી અધિકારી ડો. રામીનીને કરી જરૂરી તાત્કાલિક સારવાર સાથે યોગ્ય રીતે એમ્બ્યુલંસમા લઈ યોગ્ય સારવાર અને ઓકસીજન વગેરે આપી પોતાના ઉપરી ડોકટર સાથે વાત કરીને પાયલોટ હીતેશભાઈ રાજયગુરૂને અમરેલી સિવીલ હોસ્પીટલ લઈ જવા કહ્યું અને એ વાડીના રસ્તેથી એમ્બ્યુલંસ સાવચેતીથી બહાર કાઢી યોગ્ય સાયરન સાથે અમરેલી હોસ્પિટલ પહોચાડી ત્યાંના ડોકટરને ગંભીરતા જણાવી જે જાણી ડોકટર પણ સત્વરે સારવાર સરૂ કરાવી હતી અને આ તકે બધાએ ૧૦૮ના ઈમરજન્સી મેડીકલ ટેકનીશીયન ગોપીબેન ગાંગાડીયા અને પાયલોટ હીતેશભાઈ રાજયગુરૂની કામગીરીને બિરદાવી હતી અને દર્દીના સગા વાડીના મજુર લોકોએ આભાર વ્યક્ત કરેલો હતો.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૮૧ | ૧૬૧૦ |
| ૨ | મગફળી | ૧૦૩૧ | ૧૩૯૦ |
| ૩ | સોયાબીન | ૮૦૧ | ૯૨૧ |
| ૪ | ધાણા | ૧૧૧૧ | ૧૬૦૧ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૫૦ | ૧૩૯૦ |
| ૨ | શિંગ ૬૬ નંબર | ૧૨૪૦ | ૧૨૪૦ |
| ૩ | ગીરનાર શીંગ | ૧૧૮૦ | ૧૩૯૫ |
| ૪ | શિંગ મોટી | ૯૭૦ | ૧૪૩૦ |
| ૫ | શિંગદાણા | ૯૦૦ | ૧૫૧૦ |
| ૬ | તલ સફેદ | ૧૨૭૦ | ૨૨૫૦ |
| ૭ | તલ કાળા | ૨૪૦૦ | ૪૬૯૦ |
| ૮ | તલ કાશ્મીરી | ૧૩૩૦ | ૨૧૩૫ |
| ૯ | બાજરો | ૩૧૦ | ૩૧૦ |
| ૧૦ | જુવાર | ૮૯૫ | ૮૯૫ |
| ૧૧ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૮૦ |
| ૧૨ | ઘઉં લોકવન | ૪૪૫ | ૫૫૫ |
| ૧૩ | મકાઈ | ૪૫૦ | ૪૫૦ |
| ૧૪ | અડદ | ૯૦૦ | ૧૨૮૦ |
| ૧૫ | ચણા | ૭૦૦ | ૧૧૦૫ |
| ૧૬ | સફેદ ચણા | ૮૦૦ | ૧૧૨૦ |
| ૧૭ | છોલે ચણા | ૧૪૦૦ | ૧૫૨૦ |
| ૧૮ | તુવેર | ૧૦૪૦ | ૧૪૫૫ |
| ૧૯ | કપાસ | ૧૦૧૫ | ૧૬૮૦ |
| ૨૦ | એરંડા | ૧૦૬૫ | ૧૨૮૫ |
| ૨૧ | જીરૂ | ૨૫૦૦ | ૪૨૬૦ |
| ૨૨ | ધાણા | ૧૭૪૦ | ૧૯૬૫ |
| ૨૩ | સોયાબીન | ૭૫૦ | ૯૭૫ |
| ૨૪ | મરચા લાંબા | ૧૦૦૦ | ૪૮૯૦ |
| ૨૫ | કાંગ | ૫૬૫ | ૫૬૫ |

## અમરેલી : ગેબી ગાત્રાડ ગૌશાળામાં ઘાસચારાનું દાન આપવા અનુરોધ

અમરેલી, તા. ૧૩

અમરેલી ખતે કુંકાવાવ માર્ગ ઉપર આવેલ ગેબી ગાત્રાડ ગૌશાળામાં મકરસંક્રાતીના પર્વે ગૌ–ભકતોને ગૌ–માતા માટે ઘાસચારાનું ઘન આપવા ટ્રસ્ટીઓ અનુરોધ કરેલ છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં અપમૃત્યુનાં

આ આધેડે ગત તા. ૯ના રોજ સવારના આશરે આઠેક વાગ્યે દલખાણીયા ગામે ઘઉંમાં નાખવાનો ઝેરી પાઉડર પી જતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

બીજા બનાવમાં સાવરકુંડલા તાલુકાના હાથસણી ગામે રહેતાં મનુભાઈ એભલભાઈ ખુમાણ નામનાં ૬૦ વર્ષીય વૃધ્ધને છેલ્લા વીસ વર્ષથી બ્લડપ્રેશર તથા ડાયાબિટીશની બિમારી હોય જે બીમારીની દવા શરૂ હોય. જે બિમારીથી કંટાળી જઈ પોતાની મેળે તા. ૧૧ના રાત્રીનાં ૧૦ વાગ્યાથી તા. ૧૨ ના સવારે ૫ વાગ્યા દરમ્યાન કોઈપણ સમયે હાથસણી ગામે પૃથ્વીરાજભાઈ ખુમાણના ઘરની બાજુમાં શેરીમાં વિજપોલના થાંભલા સાથે દોરડા વડે ગળાફાંસો ખાઈ લેતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ત્રીજા બનાવમાં લીલીયા ગામે સાંઈનાથપરામાં રહેતાં નિતીનભાઈ ભુપતભાઈ પરમાર નામના ૪૮ વર્ષીય આધેડ ગત તા. ૯ના રોજ સાંજના આશરે નવેક વાગ્યના અરસામાં લીલીયા તાલુકાના સલડી ગામે રામકૃષ્ણ જીનીંગ મીલ પાસે રોડ ઉપર પુલનું કામ ચાલુ હોય તે પુલના ખાડામાં પડી જવાથી માથાના ભાગે સળિયો ઘુસી જતાં ગંભીર ઈજાથી આધેડનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૯૪૫ | ૧૩૧૫ |
| ૨ | ઘઉં | ૪૨૧ | ૫૧૧ |
| ૩ | શીંગદાણા | ૧૧૧૦ | ૧૪૦૦ |
| ૪ | શીંગ ફાડા | ૧૫૦૧ | ૧૫૦૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૬૦ | ૧૬૪૫ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૩૬૦ | ૧૪૫૦ |
| ૩ | મગફળી | ૧૧૨૦ | ૧૩૭૦ |
| ૪ | તલ સફેદ | ૧૫૪૫ | ૧૯૮૫ |
| ૫ | તલ કાળા | ૩૧૧૦ | ૪૨૩૦ |
| ૬ | જીરૂ | ૩૨૨૦ | ૪૧૯૦ |
| ૭ | ઘઉં | ૪૭૯ | ૫૩૧ |
| ૮ | ચણા | ૯૧૫ | ૧૦૫૫ |
| ૯ | અડદ | ૯૪૦ | ૧૧૯૦ |
| ૧૦ | તુવેર | ૯૯૦ | ૧૩૮૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૦૯૦ | ૧૩૬૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૦૦ | ૧૩૭૫ |
| ૩ | તલ સફેદ | ૧૬૫૦ | ૨૦૫૧ |
| ૪ | તલ કાળા | ૨૬૭૫ | ૪૫૧૧ |
| ૫ | જીરૂ | ૩૭૦૫ | ૩૮૭૦ |
| ૬ | કપાસ | ૧૩૦૦ | ૧૬૨૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૫૪૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૫૦ |
| ૯ | બાજરો | ૩૦૦ | ૫૦૫ |
| ૧૦ | જુવાર | ૯૦૦ | ૧૧૧૦ |
| ૧૧ | ચણા | ૮૫૦ | ૯૯૦ |
| ૧૨ | તુવેર | ૧૧૦૦ | ૧૪૭૦ |
| ૧૩ | એરંડી | ૧૧૦૦ | ૧૨૩૫ |
| ૧૪ | ધાણા | ૧૪૦૦ | ૧૭૫૦ |

## પાના ૧ ઉપરનું ચાલું રંગબેરંગી પતંગોનું આગમન

પતંગના વેચાણ માટેના સ્ટોલ ખૂલ્યાં છે. ઉત્તરાયણ એટલે પતંગ માટેની સીઝન હોવાથી અમરેલી શહેર સહિત જિલ્લામાં અનેક સ્ટોલ શરૂ થયા રહયાં છે. અગાઉ સરેરાશ કરતા પતંગ–દોરા સહિતની ઘરાકી ઓછી હતી તેમાં પણ ધીમે ધીમે તેમાં સતત વધારો થઈ રહ્યો છે.

અમરેલી સહિત જિલ્લામાં રાજકોટ, અમદાવાદ સહિતના જુદા જુદા શહેરોમાંથી પતંગ અને દોરીઓનો જથ્થો મંગાવવામાં આવે છે. આ વખતે કોઈ ખાસ ભાવ વધારો થયો નથી. પતંગના ભાવ રૂપિયા ૫થી માંડીને રૂપિયા ૨૫ નો ભાવ રહેવાં પામેલ છે. આ ઉપરાંત પતંગ માટેની દોરીમાં પણ અનેક પ્રકારો જોવા મળે છે અને રૂપિયા ૧૫૦ થી ૧૦૦૦ સુધીનો ભાવ છે. આ ઉપરાંત દોરાની ખરીદી કર્યા બાદ તેને મનપસંદ કલરમાં દોરને કાચ પાઈને પાકો પણ કરી આપવામાં આવે છે. યુવાનો અને પતંગ પ્રેમીઓએ ઊડાવવાનું શરૂ પણ કરી દીધું છે.

## પાના ૮ ઉપરનું ચાલું સાસુની નજર સામે પુત્રવધુનું મોત

બીવી–૧૩૦૨ નો ચાલક પોતાના હવાલાનો ટ્રક પૂરઝડપે બેફિકરાઈથી રીતે ચલાવી મોટર સાયકલને પાછળ થી ઓવરટેક કરવા જતા મોટર સાયકલ સાથે ભટકાવી દઈ વેપારીને જમણા ખંભા પાસે, કોણીના ભાગે, ડાબા હાથની કલાઈ ઉપર, મોઢા ઉપર, દાઢીના ભાગે શરીરે નાની–મોટી ઈજા કરી તેમજ મરણ જનારને ટ્રકના પાછળ ના ટાયરમાં હડફેટે લઈ માથાના ભાગે, મોઢા ઉપર, ખોપડીમા ગંભીર ઈજા કરી સ્થળ પર મોત નિપજાવી ટ્રક લઈ નાસી જતાં વેપારીએ ટ્રક ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જયારે બીજા બનાવમાં હરીયાણા રાજયનાં વતની શિલાદેવી શમશેરસિંહ તોમર તથા તેનો પરિવાર વડોદરાથી દિવ જવા માટે રાત્રીના આશરે અગિયારેક વાગ્યે નિકળેલ અને ગત તા. ૧૨ ના વહેલી સવારે આશરે પાંચેક વાગ્યે મહુવાથી રાજુલા વચ્ચે કથીવદર ગામથી વિકટર જવાના નેશનલ હાઈવે ઉપર પહોંચતા તોમર પરિવારની ફોર વ્હીલ નં. જી.જે.–૦૬ બીએકસ–૫૬૮૨ ના ચાલક મુકેશ શોભારામ યાદવે પોતાના હવાલાની ફોરવ્હીલ ગાડી પુરઝડપે બેફિકરાઈથી ચલાવતા સ્ટેરીંગ પરથી કાબુ ગુમાવી દેતા ફોરવ્હીલ ગાડી રોડની જમણી સાઈડમાં ડિવાઈડર સાથે ભટકાઈને રોડ ઉપર પલ્ટી મારી ગયેલી જેમાં આ મહિલા તથા તેમનાં સંબધીના દિકરા રોનીતને શરીરે ગંભીર ઈજાઓ કરી તથા આ મહિલાના પુત્રવધુ સ્વીટીને ગંભીર ઈજા કરી મોત નિપજાવી દીધાની કાર ચાલક સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

### એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી

અપીલ રજી નં. ૦૬/૨૦૨૬

**અરજદાર :** શ્રી ઘનશ્યામભાઈ નાગજીભાઈ ગજેરા
મુ. બાબાપુર, તા./જિ.અમરેલી.
**એડવોકેટ : સંદીપ પી. પંડયા**

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ –ત.ક.મ.શ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મુ.બાબાપુર, તા./જિ.અમરેલી.

**–: જાહેર નોટિસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના બાબાપુર ગામમાં અરજદારશ્રી **ઘનશ્યામભાઈ નાગજીભાઈ ગજેરા** તેઓના ભત્રીજા અશોકકુમાર ભીખાભાઈ ગજેરાની **જન્મ (તા.૧૬/૦૨/૧૯૭૧)**ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપકરોત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિદ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૮–૦૧–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૮૦ | ૫૧૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૩૦ |
| ૪ | ચણા | ૯૧૦ | ૧૦૦૦ |
| ૫ | ધાણા | ૧૭૪૦ | ૧૭૭૦ |
| ૬ | રાય | ૯૦૫ | ૯૦૫ |
| ૭ | સોયાબીન | ૮૮૦ | ૯૭૧ |
| ૮ | મગફળી | ૧૧૦૦ | ૧૩૯૦ |
| ૯ | મેથી | ૫૦૦ | ૮૯૦ |
| ૧૦ | શીંગદાણા | ૧૧૫૦ | ૧૩૯૦ |
| ૧૧ | લસણ | ૬૧૦ | ૬૧૦ |
| ૧૨ | તુવેર | ૯૪૫ | ૯૪૫ |
| ૧૩ | બાજરો | ૪૦૦ | ૪૦૦ |
| ૧૪ | તલ સફેદ | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૧૫ | વાલ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૬ | તલ કાળા | ૧૮૦૦ | ૧૮૦૦ |

## પાના ૮ ઉપરનું ચાલું મોટા દેવળીયામાં જાહેરનામાનો ભંગ

દેવળીયા ગામના બસ સ્ટેન્ડ પાસે પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનું ગેરકાયદેસર વેચાણ થઈ રહ્યું હોવાની ચોક્કસ બાતમી બાબરા પોલીસને મળી હતી. આ બાતમીના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરી તપાસ હાથ ધરતા સુરેશભાઈ બચુભાઈ વાઘેલા (ઉ.વ. ૩૩) રહે. મોટા દેવળીયા નામનો શખ્સ પ્રતિબંધિત ચાઈનીઝ બનાવટની પ્લાસ્ટિક દોરીની ફિરકીઓ સાથે મળી આવ્યો હતો.

**મુદ્દામાલ અને કાયદેસરની કાર્યવાહી :** પોલીસે આરોપી પાસેથી Monofill GOLD લખેલી ચાઈનીઝ દોરીની કુલ ૮ નંગ ફિરકીઓ કિંમત રૂા. ૩૪૪૦ની જપ્ત કરી છે. અમરેલી મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું બહાર પાડીને તા. ૨૪/૧૧/૨૦૨૫ થી તા. ૨૦/૦૧/૨૦૨૬ સુધી ચાઈનીઝ માંઝા અને પ્લાસ્ટિક દોરી પર સખત પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. આ જાહેરનામાનો ભંગ કરવા બદલ આરોપી વિરૂદ્ધ બીએનએસ કલમ ૨૨૩ મુજબ ગુનો નોંધી કાયદેસરની અટકાયત કરવામાં આવી છે.

**ઓપરેશન પાર પાડનાર ટીમ :** બાબરા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પીઆઈ આર.જી. ચૌહાણના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. કિરણભાઈ સોલંકી, હેડ કોન્સ્ટેબલ રાજભા વાઘેલા, વિજયસિંહ ચારડીયા તથા ગોકુલભાઈ સહિતના સ્ટાફે આ સફળ કામગીરી કરી હતી.

બાબરા શહેર અને તાલુકામાં ઉત્તરાયણ પૂર્વે ચાઈનીઝ દોરીનું વેચાણ કરતા તત્વો પર પોલીસે સખત વોચ ગોઠવી છે. માનવ જિંદગી અને પશુ–પક્ષીઓ માટે જોખમી એવી આ દોરી વેચનારાઓ સામે આગામી દિવસોમાં પણ કડક ઝુંબેશ ચાલુ રહેશે તેવી ચીમકી પોલીસે ઉચ્ચારીછે. આ કામગીરીને પગલે ગેરકાયદેસર ધંધો કરતા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૨૯ | ૧૫૪૯ |

### જાહેર નોટિસ

**મોજે – તોરી, તા.વડિયા–કુંકાવાવ, જી.અમરેલી,**
**રે.સ.નં.૧૪૪, હેકટર ૦–૮૪–૯૮, ખાતા નં.૮૯૫**
**રે.સ.નં. ૧૫૦/પૈકી ૧/પૈકી ૨, હેકટર ૧–૪૦–૬૩, ખાતા નં.૮૯૫**
**રે.સ.નં. ૧૫૦/પૈકી ૧/પૈકી ૧, હેકટર ૨–૨૬–૬૩, ખાતા નં.૮૯૮**

અમો **ચંદ્રેશ આર. રોશનીયા (એડવોકેટ)** આથી આ જાહેર નોટિસ આપી જાહેર જનતાને જાણ કરીએ છીએ કે,

મોજે તોરી, તા.વડિયા–કુંકાવાવ, જી.અમરેલીની ઉપરોકત વિગતે ખેતીની જમીન ખાતા નં.૮૯૫ થી **તૃપ્તીબેન પ્રવિણભાઈ ખાતરા** તથા ખાતા નં.૮૯૮ થી **સોનુબેન અશોકભાઈ ખાતરા**ના નામે આવેલ છે. આ ખેતીની જમીન તેમની સંપૂર્ણ માલીકીની, બીનબોજાની, બીન તકરારી તથા ન દાવા વાળી, સ્વ. પાર્જીત હોવાનું જણાવી અમારા અસીલ ને વેંચાણ આપવાનું નક્કી કરેલ છે, આ જમીન સ્થળ ઉપર એક બીજાને લાગું છે એટલે કે સ્થળ ઉપર એકજ છે.

તો ઉપરોકત જમીન કે તેના કોઈપણ ભાગ, ઉપર કોઈપણ નાણાકીય સંસ્થા, બેંક, કંપની, પેઢી કે સંસ્થા કે કોઈપણ શખ્સનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ, લાગભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ, હોય કે અન્ય હક્ક જેમ કે ઉપજ–નીપજ/ ખેતી / ગણોત/લીઝ લાયસન્સ/કબજો ભોગવટો/બાનાખત કે રહેણાંકનો કે વારસાઈ કે અન્ય કોઈપણ પ્રકારના હક્ક પોસાતા હોય તો જે તે સબંધકર્તા એ તેમની જાણ આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન – ૧૦ માં દસ્તાવેજ પુરાવા સહિત લેખિતમાં રજીસ્ટર્ડ પોસ્ટ/કુરીયર/વોટસ એપ થી નીચેના સરનામે /નંબર ઉપર કરવી, જો તેમ કરવામાં નહી આવે તો સદર જમીન કે તેના કોઈ ભાગ પરત્વે અન્ય કોઈના કોઈ જ હકક, હિત, હિસ્સો, સબંધ, લાગ–ભાગ, ભાગીદારી, દાવો, બોજો, ગીરો, લીયન, ચાર્જ નથી તેમ માનવામાં આવશે અને હોય તો તે તમામ રાજીખુશીથી જતો યાને (WAIVE) કરેલ છે. તેમ સમજી અને અમારા અસીલ રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની દાદ, ફરીયાદ કે વિવાદ ચાલશે નહી.

**તારીખ : ૧૫/૦૧/૨૦૨૬** **તે અમારા અસીલની સુચનાથી**

**ઠે. મેઈન બજાર, પુલ પાસે,**
**મુ. વડિયા, (જી. અમરેલી)**
**મો.૯૯૨૫૩ ૦૪૪૪૯**

**ચંદ્રેશ આર.રોશનીયા**
(એડવોકેટ)

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૧૩૦ | ૧૩૦૯ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૧ | ૨૦૦૧ |
| ૩ | તલ કાળા | ૪૧૫૧ | ૪૧૫૧ |
| ૪ | કપાસ | ૧૦૦૦ | ૧૬૨૫ |
| ૫ | બાજરો | ૩૮૫ | ૪૨૫ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૫૦ | ૫૭૫ |
| ૭ | જુવાર | ૬૫૦ | ૧૧૪૨ |
| ૮ | મકાઈ | ૩૬૧ | ૩૬૧ |
| ૯ | મગ | ૧૧૦૦ | ૨૨૭૫ |
| ૧૦ | અડદ | ૮૬૧ | ૧૩૦૦ |
| ૧૧ | તુવેર | ૧૨૫૧ | ૧૩૭૧ |
| ૧૨ | ચણા | ૮૦૧ | ૧૧૦૦ |
| ૧૩ | સોયાબીન | ૫૦૦ | ૬૦૦ |

# અમરેલી : 'નીલકંઠ જ્વેલર્સ' દ્વારા ખરીદી કરો અને ઈનામ જીતો સ્કીમનો લકી ડ્રો સંપન્ન : ૫ એક્ટિવા સહિત ૧૦૧ ઈનામોથી ગ્રાહકો થયા ખુશખુશાલ



અમરેલી : જવેલરી વ્યવસાયમાં આધુનિકતા અને વિશ્વાસનો પર્યાય ગણાતા નીલકંઠ જ્વેલર્સ દ્વારા ગ્રાહકલક્ષી ખરીદી કરો અને ઈનામ જીતો, સ્કીમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જે અંતર્ગત તા.૧૦/૧/૨૦૨૫ને રવિવારન રોજ સવારે કડવા પટેલ સમાજ વાડી, હનુમાન પરા રોડ, અમરેલી ખાતે લકી ડ્રોનો ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. આ ડ્રોમાં ૫ એક્ટિવા સહિત કુલ ૧૦૧ જેટલા આકર્ષક ઈનામો ગ્રાહકોને પ્રાપ્ત થતા લોકોમાં ભારે આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો. નીલકંઠ જ્વેલર્સના ઓનર કેતનભાઈ ધોળકિયા તથા પ્રકાશભાઈ ધોળકિયાએ આ પ્રસંગે જણાવ્યું હતું કે, સંસ્થા હંમેશા સુવર્ણના વેચાણ દ્વારા ગ્રાહકોના જીવનને વધારે સમૃદ્ધ બનાવવા માટે કાર્યરત છે. નીલકંઠ જ્વેલર્સનો મુખ્ય ધ્યેય અધતમ સેવાઓ પ્રદાન કરી લોકોના જીવનને વધારે સમૃદ્ધ બનાવવાનો છે. સંસ્થા પોતાનાં વારસાગત સંસ્કારો, પ્રમાણિકતા અને અતૂટ વિશ્વાસના સંકલનથી ગ્રાહકોની અવિરત સેવા કરી રહી છે. આ વિશેષ કાર્યક્રમમાં રાજકીય મહાનુભાવો, સંતો–મહંતો તેમજ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓના હોદેદારો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમના અંતે સંસ્થાનાં માલિકો દ્વારા તમામ ભાગ્યશાળી વિજેતાઓને અભિનંદન પાઠવી, ઉપસ્થિત રહેલા તમામ ગ્રાહકો અને મહેમાનોનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

### 'મનરેગા બચાવો આંદોલન' અંતર્ગત ૧૦ જાન્યુઆરીથી ૨૫ ફેબ્રુઆરી સુધી સમગ્ર

## ગુજરાતના દરેક ગામમાં ગ્રામસભાઓનાં માધ્યમથી વિરોધ ઠરાવો કરવામાં આવશે

### તાલુકા અને જિલ્લાકક્ષાએ ધરણા 'વિધાનસભા ઘેરાવો' પણ આક્રમક રીતે યોજાશે

અમદાવાદ, તા. ૧૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિતભાઈ ચાવડાએ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે કોંગ્રેસ પાર્ટીએ ભારતની જનતાને અન્નનો અધિકાર, શિક્ષણનો અધિકાર, રોજગારનો અધિકાર, માહિતીનો અધિકાર જેવા ઐતિહાસિક અધિકારો આપીને જનતાને વધુને વધુ સ્વાયત્ત બનાવવાનો પ્રયાસ કર્યો છે, જયારે ભારતીય જનતા પાર્ટી સત્તામાં આવ્યા બાદ આ તમામ અધિકારોને એક પછી એક છીનવવાનું કામ કરી રહી છે.વધુમાં જણાવ્યું હતું કે મનરેગા એ કોંગ્રેસ સરકાર ધ્વારા લાવવામાં આવેલ માંગ આધારિત અને કાનૂની અધિકાર આપતો ઐતિહાસિક કાયદો છે. આ કાયદા મુજબ જો કોઈ વ્યક્તિને રોજગારની જરૂર હોય તો તે પંચાયત કે સ્થાનિક સંસ્થામાં અરજી કરે અને ૧૫ દિવસની અંદર તેને રોજગાર આપવો ફરજિયાત છે. જો તંત્ર રોજગાર આપવા નિષ્ફળ જાય તો બેરોજગારી ભથ્થું ચૂકવવાની જોગવાઈ પણ કાયદામાં છે.મનરેગાનો મુખ્ય ઉદેશ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગારી વધારવાનો, ગામડામાં માળખાગત સુવિધાઓ વિકસાવવાનો અને રોજગારી માટે શહેરો તરફ થતી દોડ અટકાવવાનો હતો. કયા વિકાસ કામ કરવા તે નક્કી કરવાનો અધિકાર ગ્રામસભા અને ગ્રામ પંચાયતોને આપવામાં આવ્યો હતો, જે પંચાયતી રાજ વ્યવસ્થાને મજબૂત બનાવતો ઐતિહાસિક નિર્ણય હતો. ચાવડાએ જણાવ્યું કે મનરેગામાં ૬૦ ટકા લેબર અને ૪૦ ટકા મટીરીયલનો રેશિયો રાખવામાં આવ્યો હતો, જેથી કોન્ટ્રાકટર રાજ ન વધે અને મજૂરોને વધારેમાં વધારે રોજગાર મળે. સાથે જ બજેટમાં ૯૦ ટકા હિસ્સો કેન્દ્ર સરકારનો અને ૧૦ ટકા હિસ્સો રાજય સરકારનો રાખવામાં આવ્યો હતો, જેથી કોઈ રાજય આર્થિક સ્થિતિના કારણે રોજગાર આપવાથી વંચિત ન રહે.



તેમણે યાદ અપાવ્યું કે કોરોનાના કપરા સમયમાં વર્ષ ૨૦૨૦–૨૧ દરમિયાન દેશભરમાં ૭૨ લાખ પરિવારોને મનરેગા હેઠળ ૧૦૦ દિવસની રોજગારી મળી હતી, જેના કારણે લાખો પરિવારોનું જીવન ટકી શકયું. વર્લ્ડ બેંકે પણ મનરેગાને સમગ્ર વિશ્વનો સૌથી મોટો રોજગાર આપતો કાર્યક્રમ સ્વીકાર્યો છે. અભ્યાસો દર્શાવે છે કે મનરેગાના કારણે ગ્રામ્ય આવકમાં અંદાજે ૧૪ ટકા વધારો થયો અને લગભગ ૨૬ ટકા લોકો ગરીબી રેખાથી બહાર આવ્યા.ચાવડાએ આક્ષેપ કર્યો કે ૨૦૧૪ પછી ભાજપ સરકારે મનરેગાને ધીમે ધીમે ડાયલ્યુટ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. મહાત્મા ગાંધીજીનું નામ કાયદામાંથી હટાવીને ગાંધીજીના વિચારો અને રાષ્ટ્રપિતાનું અપમાન કરવામાં આવ્યું છે. સાથે જ ગ્રામસભા અને પંચાયતોના અધિકારો છીનવીને કામોની પસંદગી કેન્દ્રિયકરણ તરફ લઈ જવાઈ રહી છે.તેમણે વધુમાં જણાવ્યું કે કેન્દ્ર સરકારે મનરેગાના બજેટમાં ૯૦:૧૦ના રેશિયોને બદલીને ૬૦:૪૦ કરવાનો નિર્ણય લીધો છે, જે રાજયો પર ભારે આર્થિક ભાર નાખે છે. ઘણી રાજય સરકારો આટલો ભાર સહન કરી શકશે નહીં અને પરિણામે ગ્રામ્ય વિસ્તારના ગરીબ લોકોનો રોજગારનો અધિકાર છીનવાઈ જશે. ખેતી સીઝનના ૬૦ દિવસ દરમિયાન કામ ન આપવાની જોગવાઈ પણ કામદારો વિરોધી છે. વધુમાં જણાવ્યું કે સરકાર ૧૨૫ દિવસ રોજગારી આપવાની વાત કરે છે, પરંતુ છેલ્લા કેટલાય વર્ષોના આંકડાઓ દર્શાવે છે કે હકીકતમાં સરેરાશ ફક્ત ૪૨ થી ૪૬ દિવસની જ રોજગારી આપવામાં આવી છે. એટલે કે સરકાર ૧૦૦ દિવસની રોજગારી આપવા પણ નિષ્ફળ રહી છે.

તેમણે સ્પષ્ટ કર્યુ કે કોંગ્રેસ પાર્ટી મનરેગાના મૂળ સ્વરૂપને પુનઃસ્થાપિત કરવાની માંગ કરે છે. જો સુધારા કરવાના જ હોય તો મનરેગાના કામદારોના લઘુત્તમ વેતનમાં વધારો કરવો જોઈએ, અધિકારો છીનવવા નહીં.

ચાવડાએ જાહેરાત કરી કે ' મનરેગા બચાવો આંદોલન' અંતર્ગત ૧૦ જાન્યુઆરીથી ૨૫ ફેબ્રુઆરી સુધી સમગ્ર ગુજરાતના દરેક ગામમાં ગ્રામસભાઓના માધ્યમથી વિરોધ ઠરાવો કરવામાં આવશે. તાલુકા અને જિલ્લાકક્ષાએ ધરણા, વિરોધ પ્રદર્શન, આવેદનપત્રો આપવામાં આવશે અને વિધાનસભા ઘેરાવોનો કાર્યક્રમ પણ યોજાશે.તેમણે ઉમેર્યુ કે મનરેગામાં થયેલા ભ્રષ્ટાચાર, ભાજપના નેતાઓ અને મંત્રીઓના પરિવારજનો ધ્વારા થયેલી લૂંટના પુરાવાઓ પણ આ સમયગાળા દરમિયાન જનતા સમક્ષ રજૂ કરવામાં આવશે. ખાસ કરીને SC–ST–OBC સમાજ, મહિલાઓ અને ભૂમિહીન મજૂરોના અધિકારો છીનવવાના ભાજપ સરકારના પ્રયાસો સામે કોંગ્રેસ ઉગ્ર સંઘર્ષ કરશે.કહ્યું કે ભારતીય જનતા પાર્ટીની આ મેલી મુરાદને કોંગ્રેસ પાર્ટી કોઈપણ રીતે સફળ થવા દેશે નહીં અને મનરેગાને તેના મૂળ, અધિકાર આધારિત સ્વરૂપમાં પુનઃસ્થાપિત કરાવ્યા વિના આંદોલન બંધ નહીં થાય રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત ઉપરોક્ત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મુખ્ય પ્રવક્તા અને મીડિયા કન્વીનર ડો. મનીષ દોશી, મીડિયા કો કન્વીનર અને પ્રવક્તા હેમાંગ રાવલ તથા પ્રવક્તાઓ ડો. હિરેન બેન્કર, ડો. અમિત નાયક, ડો. પાર્થીવરાજ કઠવાડીયા ઉપસ્થિત રહ્યા હતા.

### ધારાસભ્ય જનક તળાવીયા દ્વારા

## લાઠીનાં મુળીયાપાટ ગામે ગ્રામ પંચાયતનું ખાતમુહૂર્ત કરાયું

### સ્થાનિક આગેવાનો ઉપસ્થિત રહયા



અમરેલી, તા. ૧૩

લાઠી તાલુકાના મુળીયાપાટ ગામમાં આજે ગામના સર્વાંગી વિકાસની દિશામાં ખૂબ જ મહત્વપૂર્ણ કાર્યનો પ્રારંભ થયો. ગામની પ્રગતિ, લોકસેવા અને પ્રશાસનને વધુ મજબૂત બનાવવા માટે થનારા નવા પંચાયત ભવનના નિર્માણ કાર્યનું ખાતમુહૂર્ત ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના વરદહસ્તે વિધિવત રીતે પૂર્ણ થયું.મુળીયાપાટ ગામે વર્ષોથી એક સુવિધાસભર, આધુનિક અને સુવ્યવસ્થિત પંચાયત ભવનની જરૂરિયાત અનુભવી રહી હતી. નવું પંચાયત ભવન બનવાથી–ગ્રામ પંચાયતની તમામ કામગીરી વધુ કાર્યક્ષમ થશે, લોકો માટે સરકારી યોજનાઓ અને સેવા મેળવનામાં સુવિધા અને પારદર્શિતા વધશે, ગામના વિકાસ સંબંધિત બેઠક, આયોજન અને તાલીમ માટે આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉપલબ્ધ થશે, ગામજનોને દૈનિક પ્રશાસન સંબંધિત કામગીરી માટે એક જ છત નીચે સુવિધા મળશે.ખાતમુહૂર્ત પ્રસંગે ઉદ્‌બોધન કરતાં ધારાસભ્યએ જણાવ્યું કે રાજય સરકાર અને તેઓ પોતે ગ્રામ્ય વિસ્તારોના વિકાસ માટે પ્રતિબધ્ધ છે. રાજયમાં ગામોની આત્માનિર્ભરતા અને સુશાસન મજબૂત બનાવવા માટે પંચાયત ભવનોનું નિર્માણ અત્યંત જરૂરી છે. તેમણે વધુમાં ઉમેર્યુ કે જીવાપર અને ઈંગોરાળા ગામ માટે આગામી દિવસોમાં અન્ય વિકાસ કાર્યો પણ હાથ ધરવામાં આવશે જેથી ગામની સુવિધાઓમાં ગતિ મળે.આ પ્રસંગે, તાલુકા પંચાયતના સભ્યઓ, તાલુકા ભાજપના કાર્યકરો, ગામના સરપંચઓ, ગામના આગેવાનો, કાર્યકર્તાઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા. સૌએ આ મહત્વપૂર્ણ વિકાસ કાર્યોને હર્ષભેર આવકાર્યા અને ધારાસભ્યના સતત પ્રયત્નોની પ્રશંસા કરી.

### ૩૦ ફૂટ જેટલા પાણીનાં ફુવારા ઉડયા

## ખાંભાનાં વાંકીયા ગામે નર્મદાનાં પાણીની પાઈપલાઈનમાં લીકેજ થયુ

### હજારો લીટર પાણીનો થયો વેડફાટ



અમરેલી, તા. ૧૩

ખાંભાનાં વાંકીયા ગામે નર્મદાનાં પાણીની પાઈપલાઈનમાં લીકેજ થતાં ૩૦ ફૂટ સુધી ફુવારા ઉડતાં અફડાતફડી મચી હતી.

પાણી–પુરવઠા વિભાગ ધ્વારા યુધ્ધનાં ધોરણે પાઈપલાઈન મરામતની કામગીરી કરવામાં આવી હતી.

### યુવા નેતા મનીષ સંઘાણીનાં માર્ગદર્શન હેઠળ

## અમરેલી જિલ્લાના સહકારી મંત્રી/મેનેજર દ્વારા ગોવા સ્ટેટ કો–ઓપરેટીવ યુનિયનની મુલાકાત

### સહકારી ક્ષેત્રનાં પરીક્ષણ વર્ગોની ચર્ચા કરી




અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ ગોવા રાજયના કો– ઓપરેટિવ અભ્યાસ માટે ગયેલ અમરેલી જિલ્લાના સહકારી સંસ્થાઓના મંત્રી /મેનેજરઓ ધ્વારા ગોવાના પણજી ખાતે ગોવા સ્ટેટ કો–ઓપરેટિવ યુનિયનની મુલાકાત લીધી હતી. ત્યારે ગોવા સ્ટેટ કો–ઓપરેટીવ યુનિયનના કર્મચારીઓ ધ્વારા સ્વાગત સહ સન્માન કરવામાં આવેલ હતું. તદુપરાંત કર્મચારીઓ ધ્વારા ગોવા રાજયમાં ચાલી રહેલ તાલીમ કાર્યક્રમ અને ગોવા સહકારી ક્ષેત્રના પરીક્ષણ વર્ગો બાબતે ચર્ચા કરી હતી. અને વિવિધ કાર્યક્રમો બાબતે જાણકારી આપી હતી.

### સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ સંચાલિત

## અમરેલીની રૂપાયતન શાળાનાં વિદ્યાર્થીઓએ હરિઓમ ડેરી ફાર્મની ફેકટરીની મુલાકાત લીધી

### માનદ્‌મંત્રી રવજીભાઈ કાચાનાં માર્ગદર્શનતળે કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૧૩

સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતન સંચાલિત શ્રીમતી પી.એન. વોરા વિદ્યાનિકેતન રૂપાયતનનાં ધો. ૬ થી ૮નાં બાળકોએ તા. ૧૦/૧/૨૬ ને શનિવારનાં રોજ હરીઓમ ડેરી ફાર્મ ફેકટરીની મુલાકાત લીધેલ. અંદાજે ૨૨૫ બાળકો અને ૧૨ શિક્ષકો આવેલ હતા. સાથે મંત્રી રવજીભાઈ કાચા તથા દિનેશભાઈ ત્રિવેદી જોડાયેલા.



હરી ઓમ ડેરી ફાર્મના માલિક હરીશભાઈ પટેલે સૌનું ઉષ્માભર્યુ સ્વાગત કર્યુ. બધાને માથે કેપ પહેરાવી અને એક–એક ટૂકડીને હરીશભાઈએ જાતે ફેકટરી બતાવી. મશીનરીમાં કઈ રીતે મીઠાઈ, નમકીન તૈયાર છે, પેકીંગ અને સપ્લાયની પ્રક્રિયા જીણવટથી સમજાવી.

આવેલ દૂધ કેવી પ્રક્રિયામાંથી પસાર થાય છે ને તેના પેંડા બને છે એ લાઈવ બતાવ્યું. પેંડાનું નામ સાંભળતા મોંમા પાણી આવે પણ પેંડા બનાવવાની પધ્ધતિ–રીત જોઈ પછી બાળકોને થયું કે કેટલી મહેનતથી પેંડા અને નમકીન બને છે.

આચાર્યા આરતીબેન ચાંપાનેરી તથા શિક્ષકોની કાળજીપૂર્વકની આ મુલાકાત આનંદદાયી અને ચિરંજીવી બની રહી. સમગ્ર પ્રવાસનું સંચાલન ફાલ્ગુનીબેન ભટ્ટ તથા નિધિબેન અધ્યારૂએ કરેલ.

જતી વખતે હરીશભાઈએ તમામ બાળકોને પૌષ્ટિક નાસ્તો કરાવી કહ્યું "ફરી મુલાકાતે આવજો." અત્યંત સફળ, મીઠાબોલા, વિવેકી હરીશભાઈએ ફેકટરીનાં કર્મચારીઓ સાથેના સંબંધો માલિક અને કર્મચારીના નહિ પણ પારિવારીક સંબંધોથી કામ કરે છે એ જાણી અત્યંત આનંદ થયો.

વિશેષમાં બાલમંદિર, બાલવાટિકા તથા ધો. ૧ થી ૫ નાં બાળકોએ તથા શિક્ષકોએ ત્રિમંદિર (દાદા ભગવાન)ની મુલાકાત લીધેલી. નાના બાળકોને મુકત વાતાવરણ મળતા આનંદ–કિલ્લોલ કરતાં બાળકોને મજા આવી.પ્રવાસ, પર્યટન, મુલાકાતથી જે બાળક શીખે છે એવું વ્યવહારીક જ્ઞાન બીજે કયાંયથી મળતું નથી. એમ આચાર્યા આરતીબેન ચાંપાનેરીની યાદીમાં જણાવેલ છે.

### પ્રધાનમંત્રી, મુખ્યમંત્રી સહિતનાં પદાધિકારીઓને

## સા.કુંડલાને જીઆઈડીસી આપવા બદલ આભાર માનતા ભાજપ અગ્રણી રિતેશ સોની

### સમગ્ર પંથકનો સર્વાંગી વિકાસ સક્ષમ બનશે

અમરેલી, તા.૧૩

રાજકોટ ખાતે યોજાયેલી રિજિયોનલ વાઈબ્રન્ટ સમિટમાં પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા નવા ૭ જિલ્લાઓ માટે સ્માર્ટ જીઆઈડીસીની જાહેરાત કરવામાં આવી હતી. આ જાહેરાત અંતર્ગત સાવરકુંડલાને નવી સ્માર્ટ જીઆઈડીસી મળી છે.

સ્માર્ટ જીઆઈડીસી પ્રોજેકટ સાવરકુંડલા તાલુકાના બોઘરિયાણી (ધજડી) ખાતે ૪૧ હેકટર જમીન પર વિકસાવવામાં આવશે. જેના દ્વારા એૈદ્યોગિક રોકાણ, સ્થાનિક રોજગાર અને સર્વાંગી વિકાસને વેગ મળશે.સાવરકુંડલાને ઔદ્યોગિક નગર બનાવવાનો સંકલ્પને સાકાર કરતા આ નિર્ણય બદલ પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી, મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી, સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાલા તેમજ રાજય સરકારનો સહૃદય આભાર વ્યક્ત કરૂં છું.




### અમરેલી સહિત જિલ્લામાં દીપડાનાં આંટાફેરા

# ખાંભાનાં હનુમાનપુર ગામે બે વર્ષના બાળક પર દીપડાનો હીચકારો હુમલો

## આજુબાજુનાં લોકો ધસી આવતા દીપડો બાળકને મુકી નાસી ગયો



અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લાનાં ગીરકાંઠાના વિસ્તાર તથા શહેરી વિસ્તારમાં હવે દીપડા અને સિંહ જેવાં રાની પશુઓનાં આંટાફેરા સામાન્ય બન્યાં છે. જેને લઈ નાના બાળકો સહિતનાં લોકો ઉપર આવા વન્ય પશુઓ હુમલાઓ કરી જાનમાલને નુકસાન કરે છે. ત્યારે ગઈકાલે ખાંભા તાલુકાના હનુમાનપુર ગામે ખેડૂતનું ભાગ્યુ રાખી ખેતી કામ કરતા પરિવારના ૨ વર્ષના બાળક પર દીપડાએ હુમલો કરતા બાળકને સારવાર અર્થે ખાંભા અને વધુ સારવાર અર્થે અમરેલી ખસેડાયેલ. આ ઘટનાની જાણ થતા વન વિભાગ સ્થળ પર પહોંચી સ્કેનિંગ હાથ ધરી દીપડાને પકડવા પાંજરા મુકવાની કવાયત હાથ ધરી હતી.

આ બનાવમાં મળતી વિગત મુજબ અમરેલી જિલ્લામાં છેલ્લા ઘણા જ સમયથી સિંહ દીપડા જેવાં પ્રાણીઓનો આંતક યથાવત જોવા મળી રહ્યો છે. ગઈકાલ ખાંભા તાલુકાના હનુમાનપુર ગામે રમણીકભાઈ બોડાની વાડીમાં ભાગ્યું રાખી રહેતા એક પરિવારનો બાળક વાડીમાં રહેલ મકાનની બહાર રમી રહયો હતો ત્યારે વાડીમાં વાવેલા બાજરીના પાકમાંથી અચાનક એક કદાવર દીપડો આવી ચડયો હતો. ત્યાં રમી રહેલાં બે વર્ષનાં ઈર પરેશભાઈ પરમાર ઉપર હુમલો કરી દેતા બાળકની ચીસ સાંભળી બાળકના પરિવારે તથા આજુબાજુમાંથી લોકો દોડી આવી હાકલા–પડકારા કરતા દીપડો બાળકને છોડી નાસી ગયો હતો.

દીપડાએ ઝડપ બોલાવતાં બાળકને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં આ બાળકને પ્રથમ ખાંભા અને બાદમાં વધુ સારવાર અર્થે અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો હતો. આ ઘટનાની જાણ ખાંભા–તુલસીશ્યામ રેંજના આર.એફ.ઓ. વિપુલ નકુમને થતા વન વિભાગનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી અને દીપડાને પકડવા અલગ અલગ પાંજરા મુકવા માટે કવાયત હાથ ધરી હતી.

### અમરેલી જિલ્લામાં દિ'ઉગેને વાહન અકસ્માતની ઘટના બની રહી છે

# રાજુલામાં એક અકસ્માતમાં પિતાની નજર સામે પુત્રનું અને બીજા અકસ્માતમાં સાસુની નજર સામે પુત્રવધુનું મોત

## પુરપાટ ગતિ, ઓવરલોડિંગ, બિસ્માર માર્ગો જેવા કારણોથી થતાં અકસ્માત

અમરેલી, તા. ૧૩

રાજુલા પંથકમાં ગઈકાલે દિવસ દરમિયાન બે અલગ અલગ બનેલાં અકસ્માતમાં એકમાં પિતાની નજર સામે પુત્રનું તથા બીજા બનાવમાં સાસુની નજર સામે પુત્રવધુનું મોત નિપજયુ હતું.

પ્રથમ બનાવમાં રાજુલા ગામે પાણીના ટાંકા પાસે આવેલ અંબે માના મંદિરની બાજુમાં રહેતાં મહેશભાઈ નાનજીભાઈ ચૌહાણ નામનાં ૪૫ વર્ષીય વેપારી તથા તેમનો પુત્ર ગૌરવભાઈ ગત તા. ૧૨ ના રોજ બપોરના આશરે ૧૪:૪૫ વાગ્યાના અરસામાં તેમની મોટર સાયકલ લઈ નં. જી.જે.–૦૪ આર–૬૫૨૩ વાળી લઈને નવી બારપટોળીથી કોટડી ગામ તરફ જવાના રોડ ઉપર આવેલ ખોડિયાર માતાજીના મંદિરે રાજુલાથી જવા નિકળેલ હતાં. આ દરમ્યાન જુની કાતર જવાના રોડ ઉપર જુની બારપટોળીના સીમ વિસ્તારના પરેશભાઈ કનુભાઈ સાવલીયાના ખેતર પાસે આશરે પોણા ત્રણેક વાગ્યાના અરસામાં ટ્રક નં. જી.જે.–૦૧

અનુસંધાન પાના ૬ ઉપર

### પોલીસની બાજ નજર : મકરસંક્રાંતિ પૂર્વે જ પ્રતિબંધિત ચાઈનીઝ દોરી વેચતા તત્વો પર તવાઈ

# મોટા દેવળીયામાં જાહેરનામાનો ભંગ કરી ચાઈનીઝ ફિરકીઓનું વેચાણ કરતો શખ્સ મુદ્દામાલ સાથે ઝડપાયો

## ગેરકાયદેસર ચાઈનીઝ દોરીનો વેપાર કરતા તત્વોમાં ફફડાટ



બાબરા, તા. ૧૩

મકરસંક્રાંતિના પર્વને હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે લોકોના જીવ જોખમમાં મૂકતી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના વેચાણને રોકવા માટે બાબરા પોલીસ એકશન મોડમાં આવી છે. અમરેલી જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાના અમલીકરણ માટે બાબરા પોલીસે બાતમીના આધારે મોટા દેવળીયા ગામે દરોડો પાડી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના જથ્થા સાથે એક શખ્સને દબોચી લીધો છે.

ઘટનાની વિગત એવા પ્રકારની છે કે, બાબરા તાલુકાના મોટા

અનુસંધાન પાના ૬ ઉપર



















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)